**સુવિચાર**

માનવીનાં હૃદયમંદિરમાં સત્ય વસેલું છે. સત્યને પામવા માટે માનવીએ એકલવીર બનીને ખોજ કરવી પડે છે.

:: સૌજન્ય ::

**નિલકંઠ જવેલર્સ** (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૮/૧૨/૨૦૨૪, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

શીયાળાની કડકડતી ઠંડીમાં સ્વાદ અને સ્વાસ્થ્ય વર્ધક શુધ્ધ ઘી માં...
અડદીયા
ગુંદરપાક
મેથીલાડું
હરિૐ પેંડાવાળા
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ માગશર સુદ-૭ વર્ષ : ૧૫ અંક : ૨૯૯

## દોઢ દાયકાથી ગામજનો માટે માથાનાં દુઃખાવારૂપ બનેલ સમસ્યા દૂર થશે

# લીલીયા ખાતે ૧૧ કરોડનાં ખર્ચે ભૂગર્ભ ગટરનાં નવિનીકરણનો પ્રારંભ

**દોઢ દાયકા પહેલા નિયમોને નેવે મુકીને બનાવાયેલ ભૂગર્ભ ગટરનાં લીધે ગામજનો તોબા પોકારી ગયા હતા**

**અવારનવાર આંદોલન, રજૂઆત કરવા છતાં દોઢ દાયકાથી સમસ્યાનું સમાધાન થતું ન હતું**

**અંતે ધારાસભ્ય કસવાલાએ ગામજનોની વર્ષો જૂની સમસ્યાનું નિરાકરણ કરવાની કામગીરી કરી**

**સાંસદ સુતરીયા, ધારાસભ્ય તળાવીયા સહિત ગામનાં આગેવાનોની ઉપસ્થિતિમાં કાર્યનો પ્રારંભ**




લીલીયા મોટા, તા. ૭

લીલીયા મોટાનાં માથાના દુઃખાવા સમાન ભૂગર્ભ ગટરનું વિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, સાંસદ ભરતભાઈ સુતરીયા, લાઠીના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાની વિશેષ ઉપસ્થિતિમાં ભૂમિ પૂજન કરાયું. સૌ પ્રથમ લીલીયા ખાતે ધારાસભ્યએ અંગત રસ દાખવી અને સાંસદ ભરતભાઈ સુતરીયા સાથે અને વહીવટી તંત્ર સાથે સતત સંપર્ક રાખીને લીલીયાની જનતાને કાયમી આ માથાના દુઃખાવા સમાન ગટર પ્રશ્નમાંથી ઉગારવાની મથામણ છેલ્લા ઘણા સમયથી કરવામાં આવેલ હોય. ત્યારે આજરોજ તેમનું વિધિવત નવીનીકરણ પ્લાન એસ્ટીમેન્ટ સહિતની ગટરનું ભૂમિપૂજન કરાયું. ગુણવત્તાવાળા કામ માટે ટીડીઓ અને પદાધિકારી અને વેપારીઓની સંયુકત કમિટીની પણ રચના કરવા સૂચન કરેલ હતું. સાથે સાથે ધારાસભ્ય દ્વારા અંદાજે ૩૫ વર્ષ જૂનો પ્રશ્ન લીલીયા પૂંજાપાદર પૂલને પણ યાદ કરીને થોડા મહિનાઓમાં એ પણ હલ કરવાની જાહેર જનતાને ખાતરી આપેલ છે. જેને લઈને લીલીયાની જનતાએ તાળીઓના ગડગડાટથી ધારાસભ્યની વાતને વધાવી લીધેલ. આ ગટરનું કામ અંદાજે ૧૧ કરોડ રૂપિયાના ખર્ચે થવા જઈ રહ્યું છે જેમાં ચાર પંપિંગ સ્ટેશન, મુખ્ય ગટરનું નવીનીકરણ કરી અને આ ગટર પ્રશ્નનું કાયમી નિવારણ આવી જશે. આવતા દસ દિવસમાં આ ગટરનું કામ શરૂ થવા જઈ રહ્યું છે. ત્યારે માત્ર ગામ હિતને સાથે રાખવા અને પક્ષાપક્ષીથી દૂર રહી નગરજનોના હિત માટે સૌ સાથે મળી આ યોજનાનો લાભ લે તેવું પણ ધારાસભ્યએ સૂચન કરેલ.

**સમગ્ર પંથકની જનતા તોબા પોકારી ગઈ**

## સાવરકુંડલામાં રેશનકાર્ડનું ઈ-કેવાયસી કરાવવામાં સવારનાં ૫ વાગ્યાથી લાઈન શરૂ

**નગરસેવક નાસીર ચૌહાણે મામલતદારને રજૂઆત કરી**

સાવરકુંડલા, તા. ૭

સાવરકુંડલાના જન સેવા કેન્દ્રમાં ઘણા સમયથી સાવરકુંડલા શહેર અને તાલુકાના લોકોની ફરિયાદ મુજબ આધારકાર્ડની કામગીરીમાં મોટી લાઈનો થઈ રહી છે અને ટોકન મુજબ આ કામગીરી કરવામાં આવતી હોય જેના કારણે અરજદારો ને વહેલી સવારના ૫-૦૦ વાગ્યે થી મામલતદાર કચેરી આવીને લાંબી કતારોમાં ઉભા રહેવું પડે છે. જેના કારણે શહેર તાલુકાના લોકો હેરાન પરેશાન થઈ રહ્યા છે, જેથી સત્વરે જનસેવા કેન્દ્રમાં આધારકાર્ડની કામગીરીમાં યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે તેવી માંગ નગર સેવક નાસીરભાઈ ચૌહાણે મામલતદારને પત્ર પાઠવીને કરી છે.












## છેલ્લા એકાદ વર્ષથી એસ.ટી.નાં સંચાલક કોઈને ગણકારતા નથી


# બગસરાનાં એસ.ટી. તંત્રની જોહુકમી સામે રોષની આંધી

ઉચ્ચ અધિકારી અને પદાધિકારીની સુચનાને પણ ઘોળીને પી જવામાં આવતી હોવાની ફરિયાદ

ગરીબ અને મધ્યમવર્ગનાં પરિવારોને અપડાઉનમાં ઉપયોગી રફાળા રૂટની બસ અચાનક રદ કરાતા દેકારો

નવા રૂટ શરૂ કરવાને બદલે જૂના રૂટને બંધ કરવામાં આવતાં મુસાફરોમાં નારાજગી

વિદ્યાર્થીઓએ સમસ્યા દૂર ન થાય તો આંદોલનની ચીમકી પણ આપી



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૭

બગસરામાં છેલ્લા ઘણા સમયથી એસ.ટી. તંત્ર ખાડે ગયું હોય તેવું લાગી રહ્યું છે. તાજેતરમાં જ બગસરામાં સાંજના પાંચ કલાકે ઉપડતી બગસરા–રફાળા વાયા મોટા મુંજીયાસર, નાના મુંજીયાસર, આદપુર, રફાળાની બસ વિદ્યાર્થીઓની હોય જે ઘણા વર્ષોથી ચાલે છે તે બસ રદ કરતા વિદ્યાર્થીનીઓ દ્વારા બસસ્ટેન્ડમાં હોબાળો મચાવ્યો હતો અને ધારાસભ્યને પણ સરપંચો દ્વારા ફોનથી એસ.ટી. તંત્ર નિંભર બન્યું હોય તેવી અનેક ફરિયાદો કરવામાં આવી હતી. જયારે ધારાસભ્ય દ્વારા એસ.ટી. તંત્રને પણ ફોન દ્વારા તાત્કાલિક આ બસ મૂકવાની માંગણી કરી હતી. આ ઉપરાંત વિદ્યાર્થીઓને પૂછપરછમાં આ બસ શું કામ રદ કરવામાં આવી છે જેથી પૂછપરછમાં બેઠેલ ટીસીએ વિદ્યાર્થીનીઓ સાથે ગેરવર્તન કરી તમે અમારા માટે ભણવા આવો છો તેવા અનેક શબ્દો કહીને વિદ્યાર્થીઓને જતું રહેવાનું કહ્યું હતું જેથી વિદ્યાર્થીનીઓ માં નારાજગી જોવા મળી હતી.

તંત્ર દ્વારા તે જ દિવસે ૧૫ રૂટ બંધ કરી લગ્નની સીઝન હોય પેસેન્જરમાં હેરાનગતિ સાથે નારાજગી જોવા મળી હતી અને એસ.ટી. તંત્ર માથે ફિટકાર વરસાવ્યો હતો. બગસરા એસ.ટી. તંત્ર ભાજપ સરકારને પણ બદનામ કરતા હોય તેવું લોકોમાં ચર્ચાઈ રહ્યું છે. હાલ ડેપો મેનેજરને અને ઉચ્ચકક્ષાના અધિકારીઓ નિંદ્રાધિન અવસ્થામાં હોય જેથી આવા પ્રશ્નો ઊભા થાય છે. આવું તો બગસરા ડેપોમાં અવાર નવાર બને છે પરંતુ આ બાબત હવે ફરી બનશે તો વિદ્યાર્થીઓ દ્વારા રોડ ચક્કાજામ સહિતના કાર્યક્રમો કરીશું તેમ જણાવેલ હતું. થોડા સમય પહેલા પણ ગામડામાં વિદ્યાર્થીઓને લેવા માટે બસ મોકલવામાં આવેલ ન હતી જેથી વિદ્યાર્થીઓનું ભવિષ્યને લઈને પણ વાલીઓમાં ચિંતા જોવા મળી હતી. કારણ કે આદપુર જેવા ગામમાં કોઈપણ જાતના વાહન અવરજવર ન કરતા હોય જેથી વિદ્યાર્થીનીઓને કઈ રીતે નિશાળે પહોંચવું તેવો સવાલ ઉઠયો છે.

---

### સેવા કરવી હોય તેને કોઈ હોદ્દાની જરૂર નથી

## રાજુલાનાં વોર્ડ –૧ માં સ્વખર્ચે જાગૃત નાગરિકે સ્ટ્રીટલાઈટ લગાવી

જકાતનાકા, ગાયત્રી મંદિર વિસ્તારમાં સેવા કાર્ય





અમરેલી, તા. ૭

રાજુલાનાં વોર્ડ–૧ માં રહેતા સેવાભાવી અમિતભાઈ રવિયાએ જકાતનાકા, ગાયત્રી મંદિર, ખડપીઠ, ધોળીયો ડુંગર સહિતનાં વિસ્તારોમાં સ્વખર્ચે ૨૦૦ જેટલી સ્ટ્રીટ લાઈટ લગાવીને રોશનીનો ઝટમગાટ કરતા સ્થાનિક રહેવાસીઓમાં ખુશીનો માહોલ જોવા મળી રહયો છે.

---

### ચોથા અડિશ્નલ સેશન્સ જજ ડી.એસ. શ્રીવાસ્તવ દ્વારા સજા ફટકારાય

## દામનગરનાં ખેડૂત પાસેથી ૮ વર્ષ પહેલા રૂપિયા ૩ હજારની લાંચ લેનાર પીજીવીસીએલનાં હેલ્પરને ૪ વર્ષની સજાનો હુકમ

સરકારી એડવોકેટ જે.બી. રાજગોરની દલીલો સફળ રહી

અમરેલી, તા. ૭

દામનગર ગામે રહેતા એક ખેડૂત ખેતીકામ કરે છે અને પોતાનાં ખેતર પાસે પોતાના મોટાબાપુની જમીન આવેલ હોય ત્યાં પીજીવીસીએલનું ટી.સી. ફોલ્ટ થતા તેઓનાં મોટાબાપુનાં દિકરા વિપુલભાઈએ પીજીવીસીએલ દામગનર ખાતે ફોલ્ટ લખાવેલ હોય. જેથી દામનગર પી.જી.વી.સી.એલ. કચેરીમાંથી આક્ષેપિત રાજુભાઈ હેલ્પર રીપેર કરવા માટે આવેલ અને ફોલ્ટ રીપેરીંગ કામ કરી જતા હતા. ત્યારે આ ખેડૂતની વાડીમાં ઈલેકટ્રીક થાંભલા ઉપર આંકડા લગાડેલ હોય જેથી આક્ષેપિતે વિપુલભાઈને કહેલ કે આ વાડીવાળાને કહેજો મને મળી જાય.

ત્યારબાદ ખેડૂતે આક્ષેપિતનો મોબાઈલ નંબર મેળવી આક્ષેપિતને ગત તા. ૩/૧૨/૧૬ના રોજ ફોન કરતા આક્ષેપિતે ખેડૂત પાસે વહેવાર માટેનાં ચાર–પાંચ હજારની માંગણી કરતા ખેડૂતે ઓછા પૈસા રાખવાનું કહેતા આક્ષેપિતે કહેલ કે તારૂ નહી, મારૂ નહી બંનેની વચ્ચેની રકમ રૂા. ૩૦૦૦ આપી દેજો તેમ કહી લાંચની માંગણી કરી હતી.

ત્યારબાદ ગત તા. ૫/૧૨/૧૬ના રોજ ખેડૂતે ફરીથી આક્ષેપિતને ફોન કરતા ગત તા. ૬/૧૨/૧૬ના રોજ બપોર પછી ફોન કરીને રૂા. ૩૦૦૦ આપી જવાનો વાયદો કરેલ અને જો વહેવાર નહી સમજો તો તમારા વિરૂધ્ધ ચેકીંગ કરાવી વીજ ચોરીનો કેસ કરાવીશ તેમ કહેલ. જેથી ખેડૂતે લાંચ આપવી ન હોઈ આ અંગેની ગત તા. ૭/૧૨/૧૬ના રોજ અમરેલી એ.સી.બી. પોલીસ સ્ટેશનના પી.આઈ. યુ.કે. મકવા રૂબરૂ ફરિયાદ કરતા ખેડૂતે લખાવ્યા મુજબ અમરેલી પોલીસ સ્ટેશનના અધિકારીએ લખી લીધેલ.

આ ફરિયાદના આધારે અમરેલી એસીબી દ્વારા છટકું ગોઠવી દામનગર ખાતે પીજીવીસીએલમાં હેલ્પર તરીકે કામ કરતાં લાઠી કલાપી પાર્ક, કપીલ હનુમાન મંદિર સામે રહેતા આરોપી રાજેન્દ્રસિંહ માધવસિંહ જનવારને ઝડપી લીધા હતા.

આ અંગેનો કેસ ચાલી જતાં સરકારી વકીલ જે.બી. રાજગોરની દલીલને માન્ય રાખી ચોથા એડી. સેશન્સ જજ ડી.એસ. શ્રીવાસ્તવે ક્રીમીનલ પ્રોસીઝર કોડની કલમ ૨૩૫(૨) ની સાથે ધી પ્રિવેન્શન ઓફ કરપ્શન એકટની કલમ–૫(૧) વાંચતા આરોપી રાજેન્દ્રસિંહ માધવસિંહ જનવારને ધી પ્રિવેન્શન ઓફ કરપ્શન એકટ ૧૯૮૮ની કલમ–૭ મુજબ શિક્ષાપાત્ર ગુનામાં ૩ વર્ષની સખત કેદની સજા અને રૂપિયા ૧૦,૦૦૦ નો દંડ તથા ક્રીમીનલ પ્રોસીઝર કોડની કલમ ૨૩૫(૨) ની સાથે ધી પ્રિવેન્શન ઓફ કરપ્શન એકટની કલમ–૫(૧) નીચે આરોપીને ધી પ્રિવેન્શન ઓફ કરપ્શન એકટ ૧૯૮૮ની કલમ–કલમ ૧૩(૧)(ડી) ની સાથે કલમ–૧૩(૨) મુજબ શિક્ષાપાત્ર ગુનામાં ૪ વર્ષની સખત કેદની સજા અને રૂપિયા ૧૫,૦૦૦ નો દંડની સજા કરવાનો હુકમ ફરમાવવામાં આવેલ છે.

---

### નાગરિક સંરક્ષણ ક્ષેત્ર હેઠળ વિદ્યાલયો શરૂ કરાશે

## આનંદો : અમરેલીમાં કેન્દ્રીય વિદ્યાલયની સ્થાપના કરાશે : કેન્દ્ર સરકારની જાહેરાત

પૂર્વ સાસંદ કાછડીયાએ કરેલી રજૂઆત સફળ રહી



અમરેલી, તા. ૭

અમરેલીના પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયા દ્વારા તેમના સાંસદ તરીકેના કાર્યકાળમાં કરવામાં આવેલ અથાગ પ્રયાસોના ફળ સ્વરૂપે ભારત સરકારના કેબિનેટે કુલ ૮૫ કેન્દ્રીય વિદ્યાલયોને મંજૂરી આપવામાં આવી છે. જેમાં અમરેલી જિલ્લાનો પણ સમાવેશ થયેલ છે.

આ અંગે પૂર્વ સાંસદએ જણાવ્યું છે કે પ્રધાનમંત્રી નરેન્દ્રની અધ્યક્ષતામાં આર્થિક બાબતોની કેબિનેટ સમિતિએ દેશભરમાં નાગરિક સંરક્ષણ ક્ષેત્ર હેઠળ ૮૫ નવા કેન્દ્રીય વિદ્યાલયો (KVs) ખોલવા અને હાલના ૦૧ કેન્દ્રીય વિદ્યાલય એટલે કે KV શિવમોગ્ગા જી. શિવમોગ્ગા કર્ણાટકના વિસ્તરણને મંજૂરી આપી છે.

ભારત સરકાર તરફથી ૮૫ નવા KVની સ્થાપના અને ૦૧ હાલની નજીકના KVના વિસ્તરણ માટે ભંડોળની કુલ અંદાજિત જરૂરિયાત રૂ. ૫૮૭૨.૦૮ કરોડ સાથે વર્ષ : ૨૦૨૫–૨૬થી આઠ વર્ષના સમયગાળા માટેનું આયોજન કરવામાં આવ્યું છે. પૂર્વ સાંસદએ વધુમાં જણાવેલ છે કે આજની તારીખે દેશમાં ૧૨૫૩ અને વિદેશમાં ૦૩ કેન્દ્રીય વિદ્યાલય કાર્યરત છે. જેમાં અંદાજિત ૧૩.૫૬ લાખ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. આ પ્રોજેકટ થી જે તે વિસ્તારના વિદ્યાર્થીઓને શિક્ષણ લગત ફાયદો તો થશે જ, સાથોસાથ રોજગારીની તકો પણ ઉભી થશે. ઉપરાંત ભારત સરકારે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦ અંતગર્ત લગભગ તમામ કેન્દ્રીય વિદ્યાલયોને PM શાળાઓ તરીકે નિયુકત કરવામાં આવી છે. જે NEP ૨૦૨૦ના અમલીકરણને દર્શાવે છે અને અન્ય લોકો માટે અનુકરણીય શાળાઓ તરીકે કામ કરે છે.

ગુણવત્તાયુકત શિક્ષણ, નવીન શિક્ષણ, શાસ્ત્ર અને અદ્યતન ઈન્ફ્રાસ્ટ્રકચરને કારણે કેન્દ્રીય વિદ્યાલયએ સૌથી વધુ માંગવાળી શાળાઓ તરીકે પ્રસ્થાપિત થઈ છે. તેમજ દર વર્ષે કેન્દ્રીય વિધાયલયમાં ધોરણ ૦૧માં પ્રવેશ માટે અરજી કરનારા વિદ્યાર્થીઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે અને CBSE દ્વારા લેવામાં આવતી બોર્ડ પરીક્ષાઓમાં કેન્દ્રીય વિદ્યાલયોના વિદ્યાર્થીઓનું પ્રદર્શન તમામ શૈક્ષણિક પ્રણાલીઓમાં સતત શ્રેષ્ઠ રહ્યું છે. ત્યારે અમરેલી જિલ્લાના બાળકોને પણ આવનારા દિવસોમાં કેન્દ્રીય વિદ્યાલયનો લાભ મળતો થઈ જશે.

---

## ખાંભા વકીલ મંડળના જનરલ સેકન્ડરી તરીકે એડવોકેટ રાજુભાઈ હરિયાણીની નિમણુંક



ખાંભા, તા. ૭

ખાંભા ગામ ના સેવાભાવી વકીલ અને શહેર માં થતી તમામ. સેવાકીય સામાજીક.તથા ધાર્મિક કાર્ય માં હમેશાં અગ્રેસર.રહેતાં એડવોકેટ શ્રી રાજુભાઈ હરિયાણી ની સતત ૧૧ મી વખત ખાંભા વકીલ મંડળ ના જનરલ સેક્રેટરી તરીકે બિન હરીફ નિમણૂક થતા.તેમને ખાંભા શહેર ના રાજકીય આગેવાનો તેમજ યુવાનો તેમજ વેપારીઓ સહ.. શુભેચ્છાઓ પાઠવી રહ્યા છે.

---

## સા.કુંડલાનાં જીરા ગામે આયુષ્યમાન વય વંદના કાર્ડનો કેમ્પ યોજાયો





સાવરકુંડલા, તા. ૭

સાવરકુંડલા તાલુકાના જીરા ગામ ખાતે આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર જીરા ખાતે સાવરકુંડલા લીલીયાના ધારાસભ્ય મહેશભાઈ કસવાળાના અપ્રયક્ષ સ્થાને આયુષ્યમાન વયવંદના કાર્ડ કાઢવાનો કેમ્પ યોજાયો હતો આ કેમ્પમાં જીરા ઉપરાંત આસપાસના સિમરણ, બોરાળા, ભમોદ્રા, ઓળીયા, કરજાળા, ચરખડિયા સહિત આસપાસના ગામોના વડીલોએ લાભ લીધો હતો પ્રધાનમંત્રી મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારે ૭૦ વર્ષથી વધુ વયના વરિષ્ઠ નાગરિકો માટે આયુષ્યમાન ભારત યોજના અંતર્ગત વય વંદના કાર્ડની સુવિધા શરૂ કરી છે આ કાર્ડ હેઠળ નાગરિકોને પાંચ લાખ સુધીની નિઃશુલ્ક સારવારનું સુરક્ષા કવચ પ્રદાન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત સાવરકુંડલા તાલુકાના જીરા ગામનાં પ્રાથમિક આરોગ્ય સેન્ટરમાં વયવંદના કાર્ડ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિસ્તારના તમામ વરિષ્ઠ નાગરિકોને કાર્ડ વિનામૂલ્યે ઘર આંગણે કાઢી આપવામાં આવ્યા હતા આ તકે લલીતભાઈ બાલધા, ધર્મેશભાઈ ચોડવડીયા, રમેશભાઈ શેખડા, તાલુકા હેલ્થ ઓફીસર ડો.મીના, વિઠલભાઈ ચોડવડીયા, છગનભાઈ દેસાઈ, પોપટભાઈ સાવજ, ભીખાભાઈ વાવડીયા, જયેશભાઈ મહેતા વગેરે ગ્રામજનો ઉપસ્થિત રહયા હતા.

---

### તાલુકા કોંગી પ્રમુખ વિપુલ પોકિંયાની માંગ

## અમરેલીનાં મોટા માચીયાળા ગામે બનતાં બ્રીજના ડાયવર્ઝનમાં પાકો માર્ગ બનાવો

નાયબ કાર્યપાલક ઈજનેરને પત્ર પાઠવ્યો



અમરેલી, તા. ૭

અમરેલી તાલુકાનાં મોટા માચીયાળા ગામે બ્રીજ બનાવવાનું કામ હાલમાં શરૂ કરવામાં આવ્યું છે, જેથી કરીને આ બ્રીજનું કામ કરતી એજન્સી દ્વારા કામ ચલાઉ રસ્તા માટે બાજુમાંથી ડ્રાઈવર્ઝન બનાવવામાં આવ્યું છે, જે ડ્રાઈવર્ઝન બનાવવામાં માર્ગ અને મકાન વિભાગના નિયમનું પાલન કરવામાં આવ્યું નથી. આ ડ્રાઈવર્ઝન બનાવવામાં એજન્સી દ્વારા માત્રને માત્ર મોટી સાઈઝની કપચી નાખીને ડ્રાઈવર્ઝન બનાવી નાખવામાં આવ્યું છે. તેની ઉપર ડામરનો રોડ કરવાનો હોય તે એજન્સી દ્વારા કરવામાં આવ્યો નથી, જેથી કરીને વાહન ચાલકોને વાહન ચલાવવામાં ખૂબ જ મુશ્કેલીનો સામનો કરવો પડે છે, અને ડામર રોડ ન કરે હોવાથી મોટી કપચીને લીધે ટુ વ્હીલર ગાડીઓ અવાર–નવાર સ્લીપ થઈ જાય છે અને વાહન ચાલકોને નાની–મોટી ઈજાઓ થાય છે તથા કાચા ડ્રાઈવર્ઝનમાં મોટી કપચીના લીધે વાહન ચાલકોનાં વાહનોના ટાયર અવાર નવાર પંચર થઈ જાય છે ઘણીવાર તો વાહનોના ટાયર ફાટી પણ જાય છે તો વાહન ચાલકોને પડતી હાલાકીને ધ્યાનમાં રાખીને એજન્સીને આદેશ કરીને કાચા ડ્રાઈવર્ઝન ઉપર તાત્કાલિક ધોરણે નિયમ પ્રમાણે ડામરનો રોડ કરવા તાલુકા કોંગી ઉપપ્રમુખ વિપુલ પોંકિયાએ નાયબ કાર્યપાલક ઈજનેરને પત્ર પાઠવીને માંગ કરેલ છે.

---

### મુખ્યમંત્રી શહેરી સડક યોજના હેઠળ

## સાવરકુંડલા ખાતે રૂપિયા ૧૦.૯૦ કરોડ જેવી રકમ મંજૂર કરાવવામાં આવી

શહેરનાં તમામ વોર્ડમાં નવા માર્ગો બનાવાશે

સાવરકુંડલા, તા. ૭

ગુજરાત સરકારના મુખ્યમંત્રી શહેરી સડક યોજના અંતર્ગત સાવરકુંડલા શહેરના વિકાસને નવી ઉંચાઈએ લઈ જવાનું મહત્વનું પગલું ભરવામાં આવ્યું છે. જે અંતર્ગત ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ દ્વારા ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના સાવરકુંડલા શહેરમાં ૧ થી ૯ વોર્ડના રસ્તાઓના નવીનીકરણ માટે રૂા. ૧૦૦૪.૯૦ લાખની ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી છે. આ યોજનાથી શહેરના ૧ થી ૯ વોર્ડના રસ્તાઓ નવા બનાવવામાં આવશે, જેનાથી વાહનવ્યવહાર સરળ બનશે અને નાગરિકોને સુવિધા મળશે. આ યોજના સાથે સાવરકુંડલા શહેરનો સર્વાંગી વિકાસ થશે અને શહેરનું મુખ્ય ચિત્ર બદલાશે. સારા રસ્તાઓના કારણે શહેરના નાગરિકોને સુરક્ષિત અને આરામદાયક વાહનવ્યવહારની સુવિધા મળશે. મુખ્યમંત્રી શહેરી સડક યોજના અંતર્ગત ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ દ્વારા ૧૦૦૪.૯૦ લાખ મંજૂર કરવા બદલ ગુજરાત રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, સાવરકુંડલા–લીલીયાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાનો નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી તેમજ ઉપપ્રમુખ પ્રતિકભાઈ નાકરાણી તેમજ તમામ સદસ્ય દ્વારા આ મંજૂર કરાવવા બદલ આભાર માન્યો હતો.

## કદમ જેના અસ્થિર હોય તેમને રસ્તો જડતો નથી ને અડગ મનનાં માનવીને હિમાલય પણ નડતો નથી


# કોડીનારનાં ફકીર ૧૫૦૦ કિ.મી. પદયાત્રા કરીને મક્કામદિના જવા રવાના

સામાન્ય કામકાજ કરીને પરિવારનું ગુજરાન ચલાવનાર દયાવાન બાપુનો ૩૮ વર્ષ પહેલાનો સંકલ્પ સાકાર થવા તરફ

૧લી ડીસેમ્બરનાં રોજ મક્કા-મદિનાની પદયાત્રા શરૂ કરનાર ફકીર ૧૫ મહિના બાદ મંઝિલે પહોંચશે


દેશની આન, બાન અને શાન ગણાતાં તિરંગા સાથે તેઓ ૮ હજાર કિ.મી.ની પદયાત્રા કરશે

સાવરકુંડલા ખાતે આવી પહોંચતાં સુફીસંત દાદાબાપુનાં દિકરા મુનીરબાપુએ તેઓનું કર્યુ સન્માન







અમરેલી, તા. ૭

કદમ જેમના અસ્થિર હોય તેમને રસ્તો જડતો નથી ને અડગ મનના માનવીને હિમાલય પણ નડતો નથી. આમ હિમાલય સર કરવા જેવો નિર્ણય કોડીનારના એક ફકીરે કરીને પદયાત્રા દ્વારા મક્કા મદીનાની મુબારક સફરે રવાના થયા છે. ત્યારે આશરે ૧૫ માસ જેટલું ચાલીને ભારત દેશની આન, બાન અને શાન સમો તિરંગો મક્કા મદીના ખાતે લહેરાવાની દઢ મનોબળ સાથે નિકળેલા ફકીરે ગૌરવ વધાર્યુ છે.

હિન્દુઓ માટે ચારધામની યાત્રા પવિત્ર મનાઈ છે તેમ મુસ્લિમોને મક્કા મદીનાની હજ ફરજ છે. ત્યારે ૧ ડિસેમ્બર ૨૦૨૪ ના રોજ કોડીનારથી ચાલીને છેક મક્કા મદીના સુધીની ૮ હજાર કિલોમીટર સુધીની પગપાળા સફર કરવા રવાના થયેલા છે. ને ૬ દિવસની પદયાત્રામાં સાવરકુંડલા સુધી પહોંચ્યા હતા ને સૂફીસંત દાદાબાપુ કાદરીના દિકરા મુનીરબાપુ દ્વારા હજ માટે જયાં પદયાત્રી દયાવાનબાપુનું સન્માન કર્યુ હતું ને મક્કા મદીનાની સફર વખતે પહેરવામાં આવતો અહેરામ અર્પણ કરવામાં આવ્યો હતો. ને સાવરકુંડલાથી અમરેલી થઈને અજમેર શરીફને ત્યાંથી દિલ્હી થઈને વાઘા બોર્ડર પર થઈને પાકિસ્તાન, ઈરાન ઈરાક થઈને સાઉદી અરેબિયા પહોંચશે ને ૨૦૨૬માં પદયાત્રા દ્વારા ચાલીને મક્કા મદીનાની સફરે પહોંચશે. ત્યારે ઠેકઠેકાણે આ દયાવાનબાપુનુ ઉમળકાથી સન્માન થઈ રહ્યું છે. જયારે ૧૯૮૬માં આ પદયાત્રા દ્વારા મક્કા મદીનાની સફર કરવાનુ મનોમન નક્કી કરેલ હતું પણ સામાજિક જવાબદારીઓ પૂર્ણ કરીને ૧ ડિસેમ્બરે પદયાત્રાની શરૂઆત કરી છે. અંદાજે રોજના ૩૫ કિલોમીટરનું અંતર કાપીને ટોટલ ૮ હજાર કિલોમીટરની અંતર કાપતા આશરે ૧૫ મહિના જેવો સમયગાળો પદયાત્રા દ્વારા પૂર્ણ કરવાનો ધ્યેય સાથે હાથમાં તિરંગો લઈને દેશની આન, બાન અને શાન સમા તિરંગાને મક્કા મદીનાની સરજમી પર લહેરાવવાના બુલંદ ઈરાદા સાથે નીકળી પડયા છે.

દયાવાનબાપુ કોડીનારમાં પરચૂરણ કામો સાથે શીપમાં ખલાસી હોવાથી દરિયાઈ સફરોનો અનુભવ છે ને ઈન્ટરનેશનલ પાસપોર્ટ પણ છે. પણ ૧૯૮૬માં પદયાત્રા દ્વારા ચાલીને જવાનો નિર્ધાર કર્યો હતો ને અગાઉ અજમેર, મહેમૂદશા બુખારી ભડિયાદ, જૂનાગઢ બધે ચાલીને પદયાત્રા દ્વારા જઈ આવ્યા છે. પણ મક્કા મદીનાની સફર પૂર્ણ કરતા ૧૫ મહિના અને ૮ હજાર કિમોમીટર કાપવાનું કપરૂં કાર્ય મનમાં ગાંઠવાળીને નીકળી પડયા છે ને ૨૦૨૬માં મક્કા મદીના પહોંચી ભારત દેશનો તિરંગો લહેરાવી દેશની શાન લહેરાવે તેવી ભારતવાસીઓ પ્રાર્થના કરી રહ્યા છે.

### આગામી તા. ૩૧ ડિસેમ્બર સુધીનું આયોજન

## અમરેલી, બાબરા, દામનગર, લાઠી, લીલીયા વિસ્તારમાં વીજ સંરક્ષણ સહિતનાં કાર્યક્રમો શરૂ

### ગ્રામ સભાઓ, પ્રદર્શન સહિતનાં કાર્યક્રમો યોજાશે

અમરેલી, તા. ૭

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિ. વિભાગીય કચેરી–૧, અમરેલીની અખબારી યાદી જણાવે છે કે, પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિ. વિભાગીય કચેરી–૧ના કાર્યક્ષેત્રમા આવતી અમરેલી શહેર, અમરેલી શહેર – ૨ અમરેલી ગ્રામ્ય, બાબરા શહેર, બાબરા ગ્રામ્ય, ચિલ, દામનગર, લાઠી, અને લીલીયા પેટા વિભાગીય કચેરીના કાર્યક્ષેત્રમા વિજ સંરક્ષણ, વિજ બચત, વિજ સલામતી અને સૌર ઉર્જા વપરાશ અંગેના જુદા–જુદા કાર્યક્રમો તા. ૧/૧૨/૨૪ થી તા. ૩૧/૧૨/૨૪ સુધી યોજાનાર છે. આ અંતર્ગત સરકારી શાળાઓમાં ચિત્ર સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા સેમિનાર, ઉર્જા સંરક્ષણ રેલી, ગ્રામ સભાઓ, કોલેજ સેમિનાર, પબ્લિક સેમિનાર, પ્રદર્શન, લોકલ ટી.વી. કેબલ પર જાગૃતિ તથા પેમ્પલેટ વિતરણના કાર્યક્રમોનું આયોજન થનાર છે.

### સતત ૨ વર્ષથી રજુઆત કરવા છતાં

## બાબરા પાલિકાનાં મકાનનું પુજય સંતશ્રી ઘનશ્યામદાસ બાપુનુ નામકરણ થતુ નથી

### પાલિકાનાં પુર્વ પ્રમુખ દ્વારા ચીફ ઓફીસરને રજુઆત



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૭

બાબરા નગરપાલિકા કચેરી નું પૂજય સંત ઘનશ્યામદાસ બાપુ સેવા સદન નામ કરણ કરવા માટે વર્ષ ૨૦૨૨માં પાલિકામાં રજુઆત કરવામાં આવી હતી અને તેનો ઠરાવ પણ કરવામાં આવ્યો હતો પણ આજ દિન સુધી નગરપાલિકાના શાસકો દ્વારા કચેરીના નૂતન નામ કરણ બાબતે યોગ્ય કાર્યવાહી નહિ કરતા પાલિકાના પૂર્વપ્રમુખ વનરાજભાઈ વાળા રોષે ભરાયા છે અને તાત્કાલિક અસરથી પૂજય બાપુ નું નામ કચેરીને આપવામાં આવે તેવી પ્રબળ માંગ કરેલ છે.

મૂળ કોંગ્રેસના વિરોધ પક્ષના નેતા અને છેલ્લે વિધાનસભા ચૂંટણીમાં ભાજપ માં પ્રવેશ મેળવી ભાજપ ભળી જતા નગરપાલિકાના સભ્ય અને અને પાલિકાના પૂર્વ પ્રમુખ વનરાજ વાળા એ વધુમાં જણાવ્યું હતું કે સમગ્ર બાબરા પંથક અને સૌરાષ્ટ્ર ગુજરાતમાં તાપડીયા આશ્રમ અને પૂજય મહંત શ્રી ઘનશ્યામદાસ બાપુ લોકોમાં શ્રદ્ધા નું કેન્દ્ર ધરાવે છે ત્યારે કચેરીમાં પૂજય બાપુનું નામ આપી નગરપાલિકા કચેરી એ ગૌરવ લેવા જેવું છે બે વરસ થી વધુ સમય થયો છે પણ આજ દિન સુધી કોઈ નક્કર કાર્યવાહી થઈ નથી ત્યારે આગામી દિવસોમાં પાલિકા દ્વારા પૂજય બાપુનું કચેરી ને આપવામાં આવે તેવી અંતમાં લાગણી સાથે રજુઆત કરવામાં આવી છે.
























**પ્રકરણ : ૨૧૨– ૧૯૬૨**

**કહી દીપ જલે કહી દિલ .. જરા ..દેખ લે આકર .. પરવાને .... જરા નઝરો સે કેહ દો જી.. નિશાના ચૂક ના જાયે બેકરાર કર કે હમે ..યુ ના જાઈએ.. આપ કો હમારી કસમ...લેટ :**

**પ્રિય વાચક મિત્રો ,**

૧૯૬૨ના વર્ષ ની પ્રથમ નંબરની ફિલ્મ બીસ સાલ બાદની આજે વાત કરીશું . હિન્દી સિનેમામાં હોરર ફિલ્મો હજુ સફળ રેહતી ના હતી, અથવા એમ કહો કે બનતી જ ના હતી, ૧૯૪૯ માં કમાલ અમરોહી ના નિર્દેશનમાં મહલ ફિલ્મ જેમાં અશોક કુમાર અને મધુબાલાએ અભિનય આપેલ તે હિન્દી સિનેમાની પ્રથમ હોરર સસ્પેન્સ ફિલ્મ ગણી શકાય. અશોક કુમારે અગાઉ મે ઘણી વાર લખ્યું છે, તે મુજબ હિન્દી સિનેમાને અલગ અલગ કથા આ દ્વારા સજાવેલ છે, પોતાની કારકિર્દીની પરવા કર્યા વગર આ કલાકારે હિન્દી સિનેમામાં નવીન કથાઓ, અને ફિલ્મો આપી, જેમાં તેઓ સફળ થયા, મહલ બાદ દિલિપ કુમારની મધુમતી ફિલ્મ આવી, જે ભૂતની કહાની પર આધારિત હતી, પણ તે હોરર ફિલ્મના હતી, ચોક્કસ કહી શકાય કે ફિલ્મ મહલના અમુક દ્રશ્યોમાં આજે પણ ડર અનુભવાઈ છે, તેજ રીતે બીસ સાલ બાદ એ એવી હોરર ફિલ્મ છે, જે હિન્દી સિનેમા માં હોરર ફિલ્મોની મુખ્ય ફિલ્મ ગણાય, કેમ કે આ ફિલ્મમાં નિર્દેશક અને લેખકે જે દ્રશ્યો ચિત્રિત




કર્યા છે, તે આગળ જતાં, લગભગ ૨૦૦૦ ની સાલ સુધી અવિરત હોરર ફિલ્મોમાં આવ્યા છે. આગળ જતાં હિન્દી સિનેમા માં હોરર ફિલ્મના બાદશાહ રામશે બ્રધર્સની ફિલ્મોમાં આજ દ્રશ્યોનું પુનરાવર્તન થશે. આ ફિલ્મના નિર્દેશક બીરેન નાગની નિર્દેશકના રૂપે આ પ્રથમ ફિલ્મ છે, અને તેઓ હોરર ફિલ્મોના પિતામહ બની જશે તેવી તેમણે કલ્પના પણ નહીં કરી હોય, બીરેન નાગ નો જન્મ ૧૯૨૨ માં થયો અને ૧૯૫૬થી તેઓ હિન્દી સિનેમા માં આર્ટ નિર્દેશક રૂપે કામ કરતાં હતા. અને ગુરૂદતની નજીક હતા, બીસ સાલ બાદ, અને ૧૯૬૪માં કોહરા તેમની નિર્દેશક રૂપે ફિલ્મો આવી, અને આવા દીર્ઘ દ્રષ્ટિ વાળા નિર્દેશક ૧૯૬૪માં અમર થઈ ગયા. બીસ સાલ બાદ એ નિર્માતા રૂપે હેમંત કુમારની પ્રથમ હિન્દી ફિલ્મ છે, તે પેહલા તેઓ બંગાળી ફિલ્મોનું નિર્માણ કરી ચૂકયા હતા.

બીરેન નાગે આ ફિલ્મની કથા જે આર્થર કોનોનની નોવેલ ધ હાઉન્દ ઓફ ધ બસકાર વિલે અને બંગાળી લેખક હેમેન્દ્ર કુમાર રોયની નોવેલ બીવી શિકકા પર થી પ્રેરણા લઈ ધ્રુવ ચેટરજીને લખવા આપી હતી, અને સ્કીપ્ટ સૌ પ્રથમ ગુરૂદત જે તેમના ખાસ મિત્ર અને તેમની કારકિર્દીના સ્થાપક હતા, તેમને આપી, પણ ગુરૂદતને આ સ્કીપ્ટ પસંદ પડી નહીં, હેમંત કુમાર જે હિન્દી સિનેમામાં ફિલ્મનું નિર્માણ કરવા માંગતા હતા, તેમણે આ સ્કીપ્ટ પર ફિલ્મ બનાવવાનું નક્કી કર્યું, અને ફિલ્મનું બજેટ જેમ બને તેમ ઓછું થાય તેથી નવોદિત કલાકાર બિશ્વજિત ને મુખ્ય નાયક રૂપે લેવા માં આવ્યા, બીરેન નાગ ગુરૂદતની નજીક હતા, અને વહિદા પણ ગુરૂદતની નજીક હતા, અને તે સમયે પ્રથમ નબરની અભિનેત્રી હતા, છતા ગુરૂદતના કેહવાંથી આ ફિલ્મની નાયિકા બન્યા, આ ફિલ્મમાં નાયિકાનું ખાસ વિશેષ કોઈ કામ ના હતું, પણ બીરેન સાથેની ગુરૂદતની મિત્રતાના તેઓ સાક્ષી હતા, અને તેમની પાસેના પાડવાનો વિકલ્પ હતો નહીં. અહી વહિદા એટલા સુંદર દેખાય છે, કે

## ફિલ્મી સફર
(એક ઈતિહાસ)

**હિતેશ જોશી : ૯૪૨૭૨ ૩૦૫૦૬**

તે સમય ના નવ યુવાનોને અને આજે પણ જે ફિલ્મ જુવે તેને ગુરૂદત ની અદેખાઈ જરૂર આવે છે. વહિદાનો માસૂમ ચહેરો, ચહેરા પર મંદ મદ સ્મિત અને ઊડતી ઝૂલફો, અને અદાકારી તો ખરી જ.. વાહ. તેમ દર્શકોના મોઢામાંથી ઉચ્ચાર થઈ જ જાય. તેવી વહિદા આ ફિલ્મમાં સુંદર દેખાઈ છે, બીરેન નાગે આ હિન્દી સિનેમાની પ્રથમ એવી હોરર ફિલ્મ બનાવી, જે ત્યારબાદ હોરર ફિલ્મો માટે એક માઈલ સ્ટોન બની ગઈ, અહી બીરેને જે દ્રશ્યો ચિત્રિત કર્યા, તે આગળ જતાં હિન્દી સિનેમાની આજ સુધીની તમામ ફિલ્મોમાં પ્રેરણા દાયક રહ્યા છે. એક હોરર ફિલ્મમાં શું જોઈએ? તે તમામ દ્રશ્યો અહી આ ફિલ્મમાં જોવા મળે છે, ચાલો જોઈએ કે હોરર ફિલ્મોમાં કયાં કયાં દ્રશ્યોની જરૂર પડે ? અને તે આજની ફિલ્મ બીસ સાલ બાદમાં હિન્દી સિનેમા માં સૌ પ્રથમ વાર ફિલ્મવાયા હતા. તે જાણીએ.

હોરર ફિલ્મો માટે, રાજ પરિવાર નો એક મહેલ, જયાં વર્ષો થી કોઈ રેહતુ નથી, કારણ કે રાજ પરિવારના કે અન્ય કોઈ પણ ત્યાં રહે તેને ભૂત મારી નાખે છે, તે મેહલ આ ફિલ્મ માં છે. તે રાજ પરિવારના પુત્ર કે પુત્રી, વર્ષો બાદ આ મેહલમાં રેહવા આવે છે, તેમ અહી નાયક બિશ્વજિત વિદેશથી અભ્યાસ પૂર્ણ કરી રાતે એકલો ટ્રેનમાં ઉતરી અને ઘોડા ગાડીમાં બેસી મહેલમાં આવે છે. તે મહેલ કે હવેલી અહી દર્શાવાઈ છે, હવેલીમાં એટલે કે મહેલમાં એક જૂનો નોકર જેને જોઈ ને ડર લાગે.. તે તમામ હોરર ફિલ્મોમાં આવશે.. શરૂઆત આ ફિલ્મથી થઈ છે. રાત પડતાં. ઘૂંઘરૂંનો અવાઝ, કોઈ સ્ત્રીના રડવાનો બિહામણો અવાઝ, કોઈ સ્ત્રી દ્વારા ગવાતું કોઈને યાદ કરી બોલાવતું ગીત, ઝૂમતા જુમર, હવેલીમાં રહેલ




તસ્વીરનું તૂટવું, કાળી બિલ્લિ દેખાવી અને તેનો વિચિત્ર ડરામનો અવાઝ, દરવાઝા અચાનક બંધ થવા અને તેનો કર્કશ અવાઝ, બિહામણી જગ્યા, જે અહી બ્લેક એન્ડ વ્હાઈટમાં પણ સરસ રીતે ચિત્રિત થઈ છે. જયાં એક પછી એક થતી માનવ હત્યાઓ, એક કોમેડિયન જે અહી અસિત સૌને ભૂમિકા ભજવી છે, જે એક જાસૂસના રૂપમાં જોવા મળે છે, તે જાસૂસનું નામ ગોપીચંદ છે, જે ત્યારબાદ ઘણી હિન્દી ફિલ્મોમાં જાસૂસનું નામ ગોપીચંદ જ હોય છે, રાજ કપૂર સાહેબને વર્ષો બાદ ચમકાવતી જાસૂસી ફિલ્મનું નામ પણ ગોપીચંદ જાસૂસ છે. જે નામ સૌ પ્રથમ અહી કોમેડીયન ને અપાયું છે, શંકા સ્પદ વ્યક્તિઓ જેની પર હત્યાઓ કર્યાની શંકા દર્શકોને થાય છે, જે અહી સજ્જન અને મદન પૂરીએ ભૂમિકા ભજવી છે. અંતે એવો ખલનાયક જે ફિલ્મમાં શરિફ વ્યક્તિ હોય છે કે બહુ ઓછો દેખાય છે તેવા ખલનાયકનું પાત્ર અહી મનમોહન કૃષ્ણાએ ભજવેલ છે. મનમોહન કૃષ્ણાની ઈમેજ તે સમયે ફિલ્મોમાં એક સારા વ્યક્તિની ભૂમિકા માટે જ હતી, અને અહી દર્શકો ફિલ્મના અંત સુધી તેના પર શંકા કરતાં નથી. જે આવું નિર્દેશન હિન્દી સિનેમામાં અહી પ્રથમ વાર સફળ થયું હતું . હત્યા આ એક બીહામણા પંઝા કે જેમાં જાનવરના પંઝા જેવા નહોર છે, તેનાથી થાય છે, તે સૌ પ્રથમ હિન્દી સિનેમામાં સફળતા પૂર્વક ચિત્રિત અહી થયું છે.

અને ખાસ ફિલ્મનું સંગીત... બિલ્લિનો ડર લાગે તેવો અવાઝ, વારંવાર ફિલ્મમાં કોઈ સ્ત્રી દ્વારા ગવાતું ગીત.. દરવાઝા બંધ થવાનો કર્કશ અવાઝ, અને એક રહશ્ય મય સંગીત, જેને અહી હેમંતકુમારે આપ્યું છે, જે આગળ જતાં લગભગ તમામ હોરર ફિલ્મોમાં કોઈના કોઈ અંશમાં સાંભળવા મળશે. આવી હોરર ફિલ્મ એટલે બીસ સાલ બાદ .. જેનું નિર્દેશન એટલું સરસ છે કે આજે પણ જો એકાંતમાં તમે આ ફિલ્મ નિહાળી રહ્યા છો તો કયાંક ને કયાક ડરનો અનુભવ થશે જ. બીરેન નાગનું નિર્દેશન, હેમંત કુમારનું નિર્માણ, દેવ કિશનના સંવાદ, ધ્રુવ ચેટરજીની કહાની, માર્શલ બ્રિગે જાની સિનેમા ઓટો ગ્રાફી, કેશવ નંદાનું અડિટિંગ, શકીલ બદાયુનીના ગીતો, અને લતાજી અને હેમંત કુમારના સ્વરમાં રચાયેલ યાદગાર ગીતો સાથે, બિશ્વજિત, વહિદા રેહમાન, અસિત સેન, લતા સિંહા, દેવ કિશન, મિરા મુખર્જી, રાણું, મનોહર, દેવચંદ, શિવ પ્રસાદ, સજ્જન, મદન પૂરી અને મનમોહન કૃષ્ણાથી અભિનીત આ ફિલ્મ માત્ર ૪૫ લાખમાં તૈયાર થઈ હતી, અને તે સમયે દોઢ કરોડના નફા સાથે ૧૯૬૨ના વર્ષની પ્રથમ નંબરની ફિલ્મ બની હતી. ફિલ્મના ગીત કહી દીપ જલે. કહી દિલ.. જરા દેખ લે આકર પરવાને ...,,,, માં લતાજીએ જે ગીતને સ્વર આપ્યો છે, તેનું અહી વર્ણન કરવું શકય નથી. અને આ ગીત માટે લતાજીને બેસ્ટ ગાયિકાનો ફિલ્મ ફેર એવાર્ડ પ્રાપ્ત થયેલ હતો. તો સાથે આ ગીતના લેખક શકીલ બદાયુનીને પણ બેસ્ટ ગીતકાર માટે આ ગીત માટે જ ફિલ્મ ફેર એવાર્ડ પ્રાપ્ત થયેલ હતો. અને ખાસ હોરર ફિલ્મો માટે સાઉન્ડનું મહત્વ ખુબજ હોય છે, કારણ કે સાઉન્ડ અને સંગીત દ્વારા જ ફિલ્મમાં ડર ઊભો કરી દર્શકોને જકડી રાખી અને વારંવાર ડરાવવા માં સફળ થઈ શકાય છે, તેથી બેસ્ટ સાઉન્ડ માટે એસ વાય પાઠકને ફિલ્મ ફેર એવાર્ડ અપાયો હતો, તો ફિલ્મનું એડિટિંગ એટલું સરસ છે કે દર્શકો ફિલ્મના અંત સુધી જકડાઈ રહે છે, તેના માટે કેશવ નંદાને ફિલ્મ ફેર એવાર્ડ અપાયો હતો. આવી હિન્દી સિનેમાની હોરર ફિલ્મો માટે પ્રેરણા દાયક ફિલ્મ બીસ સાલ બાદની કહાની, ગીતો અને ૧૯૬૨ના ફિલ્મ ફેર એવાર્ડની સાથે ૧૯૬૩ ના વર્ષ માં આગામી અંકમાં પ્રવેશ કરીશું. આભાર .

# સ્વસ્થ વૃધ્ધાવસ્થા

સ્વસ્થ વૃધ્ધાવસ્થાની ચર્ચા એટલા માટે કે જેમ જેમ વિકાસ વધતો જાય છે તેમ તેમ સરેરાશ આયુષ્ય પણ વધતું જાય છે, આધુનીક રહેણીકરણી અને દવાઓ ને પ્રતાપે લોકોનું આયુષ્ય વધ્યું છે પણ તંદુરસ્તી નહી, પરીણામે ૨૦૩૬ સુધીમાં આપણાં દેશમાં પણ જાપાનની જેમ સીનીયર સીટીઝનની સંખ્યા, યુવાનો કરતાં વધી જાશે, આ ઉમરના લોકો જો સ્વસ્થ નહી હોય તો ચોક્કસ પણે સમાજ વ્યવસ્થા વિખાય જશે, જેનો વિચાર આપણે આજથી કરવો પડે તેમ છે અને તે માટે જરૂર છે આપણાં તમામ વડીલોની વૃધ્ધાવસ્થા સ્વસ્થ હોય, આ વૃધ્ધાવસ્થા સ્વસ્થ રીતે વીતે તે માટે જરૂર છે કે આપણે વૈજ્ઞાનિક રીતે આજના યુગ પ્રમાણે કેમ જીવવું તે સમજીએ.

સ્વસ્થ વૃધ્ધાવસ્થામાં બે શબ્દ છે, પહેલો શબ્દ છે સ્વસ્થ અને બીજો શબ્દ છે વૃધ્ધાવ્સ્થા.

સ્વસ્થ કોને કહેવો? આના માટે આયુર્વેદે સ્વસ્થની વ્યાખ્યા આપી છે

આયુર્વેદમા પણ સ્વસ્થ પરીભાષા આવી જ છે કે........

'સમદોષ સમાગ્ની સમધાતુ મલક્રીય (પાઈપ) પ્રસન્ના આત્મ ઈન્દ્રીય મન સ્વસ્થ ઈત્મીધીયતે ॥'

અર્થાત જે વ્યક્તીના વાયુ, પીત અને કફ દોષ સરખા (balance) હોય, જેના તેર (૧૩) અગ્નિ, (એક જઠરાગ્નિ, સાત ધાત્વગ્નિ તથા પાચ મહાભુતગ્નિ સરખા હોય) જેના રસ, રક્ત, માંસ, મેદ, અસ્થિ, મજ્જા અને શુક્ર એમ સાત ધાતુ સરખી હોય, જેના મળ, મુત્ર અને સ્વેદ (પરસેવો) મળોની પ્રવૃતિ બરાબર થતી હોય, તથા જેના આત્મા, ઈન્દ્રીય અને મન પ્રસન્ન છે તે સ્વસ્થ છે.

**વૃધ્ધાવસ્થા :** આ એક ઉમરનો પડાવ છે અને આ ઉમરે સ્વસ્થ રહેવા માટે જરૂર છે કે અમુક નિયમોનું પાલન કરવામાં આવે.

જો આપણે વૃધ્ધાવસ્થામાં પણ સ્વસ્થ રહેવું હશે તો જરૂર છે કે આપની દિનચર્યા સ્વસ્થ હોય અને તે માટે જરૂર છે કે આપણે દિનચર્યાના તમામ નિયમોનું પાલન કરીએ


**સ્વસ્થ દિનચર્યા :**

**દિનચર્યા નિશાચર્યા ઋતુચર્યા યાથિદ્રિતામ આચરન ।**

**પુરૂષઃ સ્વસ્થઃ સદ્રા તિષ્ઠતી નઅન્યથા ॥**

અર્થાત, દિનચર્યા, રાત્રિચર્યા અને ઋતુચર્યામાં કહ્યા પ્રમાણે આચરણ કરનાર વ્યક્તિ હંમેશા સ્વસ્થ રહી શકે છે. તે પ્રમાણે આચરણ ન કરનાર વ્યક્તિ કદાપિ સ્વસ્થ રહી શક્તી નથી.

દિનચર્યા એટલે સવારે



નિંદ્રાત્યાગ, મળત્યાગ, દાતણ, માલિશ, સ્નાન વગેરે પ્રાતઃ કર્મથી શરૂ કરીને રાત્રે નિંદ્રા સુધીની આપણી દૈનીક કરવાની વીધી,


**બ્રાહ્મે મુહુર્તે ઉતિષ્ઠે સ્વસ્થો રક્ષાર્થમાયુષ ॥:**

સ્વસ્થ માણસે આયુની રક્ષા માટે બ્રાહ્મમુહુર્તમાં ઉઠવું જોઈએ. બ્રાહ્મમુહુર્ત એટલે પાછલી ચાર ઘડી રાત બાકી હોય ત્યારે એટલે કે સુર્યોદય થયા પહેલા ૯૬ મિનિટએ બ્રાહ્મમુહુર્ત કહેવાય છે. આજની નવી પેઢીની જાણકારી માટે, એક પ્રહર એટલે ત્રણ કલાક, રાત્રીના પાછલા – અંતિમ પ્રહરને કેટલાક બ્રાહ્મમુહુર્ત કહે છે. બ્રહમનું ચિંતન અને વેદનું અધ્યયન કરવા માટેનો ઉપયુક્ત કાળ બ્રાહ્મમુહુર્ત ગણાય છે. બે ઘડીનું એક મુહુર્ત થાય છે અને એક ઘડીની ૨૪ મિનિટ થાય છે. આમ રાત્રીનાં અંતિમ બે મુહુર્ત (છેલ્લી ચાર ઘડી ૯૬ મિનિટ) વાળા બ્રાહ્મમુહુર્તમાં નિરોગી માણસે નિદ્રાનો ત્યાગ કરી જાગી જવુ કે પથારી છોડી દેવી જોઈએ. આ નિયમ સ્વસ્થ વ્યક્તી માટે જ છે, રોગી વ્યક્તી એ ધાતુસામ્ય માટે સુઈ રહેવું જોઈએ.

વૃધ્ધવસ્થામાં આ નિયમ લાગુ પડતો નથી કારણ આ ઉમરની સૌથી મોટી સમસ્યા છે કે ઊંઘ મોડી આવે છે પરીણામે સવારે જો વહેલા ઉઠવામાં આવે તો અધૂરી ઊંઘને લીધે આખો દિવસ થાકમા વિતશે, માટે આ ઉમરે જયાં સુધી ઊંઘ આવે ત્યાં સુધી સૂતા રહેવું ઈનો અર્થ એ નથી કે પથારીમાં પડયા રહેવું પણ સવારે ઉઠવા માટે એલાર્મ મૂકી ઊઠવું નહી .


આ ઉમરની બીજી સૌથી મોટી સમસ્યા છે કબજીયાત, જેને દૂર કરવા ઉષ : પાન કરવું

**ઉષ:પાન :** વહેલા ઉઠી



પાણી વડે મોં સાફ કરી, જેટલું પિવાય તેટલું પાણી પીવુ આરોગ્યપ્રદ છે. સુતી વખતે અને સુઈ ઉઠયા બાદ એક લોટો (૪૦૦ એમ. એલ.) પાણી પીવાથી કબજીયાત, પાચનશક્તિ, પેશાબની છુટ આ બધા માટે સારૂ છે. પાણીથી આંતરડામાં રહેલો મળ આગળ ધકેલાય છે. આપણો વિસ્તાર ક્ષાર વાળો અને ઉષ્ણકટીબંધ હોવાથી ખાસ કરીને પથરી અને કબજીયાત થવાની શકયતા વધુ રહે છે પથરીના દર્દી માટે પણ ઉષ:પાન ખુબ ફાયદાકારક રહે છે, જે લોકોને કબજીયાત રહેતી હોય તેના માટે એક અનુભુત પ્રયોગ સુચવુ છુ, સવારે વહેલા ઉઠી ખાલી પેટે ૨ ગ્લાસ(૪૦૦ એમ. એલ.) નવશેકુ પાણી પી ત્યારબાદ બંને હાથ ઉપર કરી આખા શરીરને પગના પંજા ઉપર (તાડાસન) કરી જો ૧૦૦ ડગલા ચાલવામાં આવે તો કબજીયાતથી છુટકારો મળશે, કારણ ગરમ પાણી પીવાથી મળ આગળ ધકેલાશે અને પગના પંજા ઉપર આખા શરીરને ખેચવાથી આંતરડામાં ચોટેલ મળને નીચેની બાજુ કાઢવામાં મદદ થશે.

સારવાર લેવા આવતા ભાગ્યે જ એવાં કોઈ દર્દી હશે જે કબજીયાતની ફરીયાદ નહી કરતા હોય, કબજીયાત એટલે શુ? ઝાડો સાફ આવવો કોને કહેવો? આ વિશે થોડી ચર્ચા કરીએ. આપણે જે ખોરાક ખાઈએ છીએ તેમાંથી તમામ કસ (શરીર ને ઉપયોગી પદાર્થ) પાચન અવયવો ચુસી લે છે અને તદન નિઃસાર પદાર્થ ઝાડાવાટે બહાર કાઢે છે. ઝાડા માં દુર્ગંધ ન હોવી જોઈએ. ઝાડો ખરાબ વાસ મારતો હોય તો સમજવું કે આંતરડામાં એટલો બગાડ છે. સવાર સાંજ બે વખત જેને ઝાડો થતો હોય તેની પાચન ક્રિયા સારી હોય છે, તેમના





ઝાડામાં વાસ નથી હોતી. ઝાડો ખુલાસીને થતો ન હોય અને મળ મોટા આંતરડામાં ભરાઈ રહેતો હોય તો જ તે વાસી મળ બદબો મારે છે.વાસી મળ, દુર્ગંધી મળ, મોટા આંતરડામાં વધુ વાર રહે છે તો તેમાંથી ઉત્પન્ન થતા ઝેરી પદાર્થો લોહીમાં ભળે છે અને લોહી બગાડે છે. મોટા ભાગનાં રોગોનું કારણ મોટા આંતરડામાં જે મળસંચય થાય છે તે જવાબદાર છે. મળ સંચય થાય એટલે સ્વાભાવીક ભુખ નથી લાગતી, પેટ ભારે લાગ્યા કરે છે, બગાસા આવે છે, સ્ફુર્તિ નથી લાગતી, ચેન પડતું નથી, કબજીયાત કેટલેક અંશે માનસિક વ્યગ્રતા ઉપર નિર્ભર છે. આહા–વિહાર અને માનસિક પરિસ્થિતિ આ ત્રણ ઉપર કબજીયાતનો આધાર છે. જેનો આહાર સ્વાસ્થ્યકર હશે, જેનો વિહાર પણ આરોગ્યના નિયમોને વશવર્તી હશે અને જેને માનસિક વ્યગ્રતા નહી હોય તેને બે વખત ઝાડો બરાબર સાફ આવતો હોવો જ જોઈએ.

**ઝાડો સાફ કોને કહેવો ?** – આ પ્રશ્ન ઘણાના મનમાં ઉઠે છે. તંદુરસ્ત મનુષ્યનો ઝાડો ગાય, બળદ, ભેંસ જેવો ઝાડો કરે છે તેવો એટલે કે, ગુદા ખરડાયા વિનાનો હોવો જોઈએ. તેમા દુર્ગંધ ન હોવી જોઈએ, બહુ કાળા રંગનો ઝાડો વાસી ઝાડાનું સુચન છે, બહુ પીળા રંગનો ઝાડો અયોગ્ય પાચનક્રીયાનું સુચન છે. ઝાડો બહુ બંધાયેલો નહી કે બહુ ઢીલો પણ નહી એવો હોવો જોઈએ. એનો રંગ સાધારણ રીતે સહેજ પીળાશ લેતો ભુખરો હોવો જોઈએ. બહુ ચીકાશ હોય તો આંતરડાની ખામી સમજવી.

આજકાલ આપણે મળ ત્યાગ માટે વેર્સ્ટન ટોઈલેટ (ઉભુ સંડાશ)નો ઉપયોગ કરવા લાગ્યા છીએ, મોટી ઉમરના લોકો કે જેને પગના સાંધાની તકલીફ છે, તેના માટે વેર્સ્ટન ટોઈલેટ ઉપયોગી છે, પણ સામાન્ય વ્યક્તિ માટે આપણું ઈન્ડીયન ટોઈલેટ યોગ્ય છે કારણ મળ ત્યાગ માટે જો ઉભડક(ઉત્કટાસન–SQUATTING POSITION) બેસવામાં આવે તો મળમાર્ગની કોથળી એટલે કે RECTUM ની ફરતી બાજુ રહેલા સ્નાયુઓ (PUBORECTALIS MUSCLE) એકદમ ઢીલા (RELAX) થાય છે જેથી મળ ાશયમાંથી એકદમ સહેલાયથી મળ બહાર આવી શકે છે. તમને પગ કે સાંધાની તકલીફ હોય અથવા ઈન્ડીયન ટોયલેટ ન હોય તો ઉપરોક્ત ફોટામાં દર્શાવ્યા પ્રમાણે તમે ઉભા સંડાશ માં બેસો ત્યારે સામે એક ટેબલ મુકી દો જેના ઉપર પગ રાખવાથી તમારી ઉભડક બેઠા હોય તેવું થઈ જશે, જેના કારણે મળ પ્રવૃતિ સહેલાઈથી થઈ જશે.

**દાતણ :**




દાંતણ કરવાની વિધિ પરાપુર્વથી ચાલી આવે છે. આધુનીકયુગમાં ટુથપેસ્ટ અને બ્રશનો વ્યવહાર વધ્યો છે. પ્રાચીન કાળમાં પણ દાંત સાફ કરવાની – દાંતણ કરવાની વિધીનું વિશદ વર્ણન થયેલું છે. દાંતણને સંસ્કુતમાં દંતપવન કે દંતધાવન કહે છે. જેનાથી દાંત સાફ થાય છે, તે દંતપવન છે.

**દંતા : પુયંતે શોધ્યંતેડ્નેનિ દંતપવનં – દંતકાષ્ટમ ॥ :**

સવારમાં ઉઠીને તથા જમ્યા પછી એમ બે વખત દાંતને સાફ કરવાનું આયુર્વેદમાં હજારો વર્ષો પહેલા જણાવ્યું છે, જેને આજના જાહેરાતીયા યુગમાં મોર્ડેન ગણવામાં આવે છે. દાંતને સાફ કરવાની આ વિધિને દંતાનાં ધાવનવિધિ પણ કહે છે, જેનું અષ્ટાંગ સંગ્રહમાં વિસ્તારથી વર્ણન કરવામાં છે.

**આપોથિતાગ્નં દ્વો કાલો કષાયકટુતિકત્કમ ॥**

ભક્ષયેદ દ્ંતપવન દ્ંત્માંસાન્યબાધયનય ॥ (ચરક, સુત્રસ્થાન અ.૫,૬૫) દાતણના અગ્રભાગની છુંદી નાખી, કષાય(તુરૂં), કટુ અને તિક્ત એવા રસવાળું દાતણ બે વખત (સવા–સાંજ) કરવુ. પેઢાને ઈજા ન થાય એ સાચવવું.એકલા તુરા રસયુક્ત દાંતણ વાપરવાની સલાહ નથી આપતા. અવાર–નવાર કટુ(તીખો) અને તિક્ત(કડવો) રસયુકત દાતણો વાપરવાની ભલામણ કરે છે.

મિત્રો આપણું ભોજન ષડરસંયુકત (ગળ્યો, ખાટો, ખારો, કડવો, તીખો અને તુરો) હોવુ જોઈએ. પરંતુ આપણે ગળ્યો, ખાટો, ખારો અને તીખો આ ચાર રસ જ ખાઈએ છીએ, કડવો અને તુરો રસ ભાગ્યેજ ખાઈએ છીએ. પરીણામે દાંત અને મોંના રોગો, પાચનતંત્રના રોગો, બાળકો માં કુમી, ડાયાબીટીઝ જેવા રોગો ખુબજ વધ્યા છે, ડાયાબીટીઝ થવા માટે ઘણા બધા કારણોમાં એક કડવો અને તુરા રસનું સેવન નિયમીત ન કરવું પણ જવાબદાર



છે. આ માટે હુ એક વ્યવહારૂં ઉપાય સુચવું છુ. રોજ સવારે તમે ભલે દાંત સાફ કરવા માટે ટુથબ્રશ અને ટુથપેસ્ટ વાપરો પણ ત્યારબાદ નીયમીત એક દીવસ લીમડો (કડવો રસ) અને એક દીવસ કરંજ(તુરા રસ)નું દાતણ કરો આ માટે લીમડો/કરંજનું તાજુ દાંતણ તોડી તેની જાડાય તમારી ટચલી આંગળી જેટલી હોય અને લંબાઈ તમારી વેત જેવડી હોય તેવું દાતણ પસંદ કરી આખે – આખું દાંતણ ચાવીને (નરણાં કોઠે) તેનો રસ (૨૦ એમ.એલ.) બધો જ મોઢામાં ઉતારી જાઓ તેના પરીણામે દાંત અને મોંના રોગો, પાચનતંત્ર ના રોગો, બાળકો માં કુમી, ડાયાબીટીઝ જેવા રોગોમાં લાંબા ગાળે અદભુત ફાયદો દેખાશે.

આયુર્વેદમાં કહેવાયુ છે કે દાંતણ આકડો, વડ, ખેર, કરંજ, લીમડો, બાવળ ઉપરાંત કડવું, તીખુ, કે તુરૂ એવા કોઈપણ ઝાડનો દાતણમાં ઉપયોગ કરી શકાય છે. કારણકે તુરૂં દાતણ મોં સાફ કરે છે. તીખુ દાતણ અરૂચિ મટાડે છે. કડવું દાતણ મોમા જામેલા કફને કાઢે છે.

દાંતણનો ઉપયોગ ફક્ત દાંતો માટે જ લાભદાયક નથી, પણ દાતણ કરવાથી (ચાવવાથી) બનનારી લાળની સાથે તેના રસને પેટમાં ઉતારવાથી ઘણી જાતના ઉદરના રોગો થી બચી શકાય છે. કડવો તીખો અને તુરા રસથી પેઢા મજબુત થાય છે, મોઢામાં આવતી દુર્ગન્ધ દુર કરે છે, કુદરતી માઉથફ્રેશનરનું કામ કરે છે. એક વિચીત્રતા આપણી એ છે કે આપણે ટુથપેસ્ટ વાપરી રહ્યા છીએ અને યુરોપીય દેશોમાં લોકો ટુથપેસ્ટને બદલે લીમડાનું દાતણ કરી રહ્યા છે, મારા એક અમેરીકા સ્થાયી થયેલ મીત્રના જણાવ્યાનુસાર અમેરીકામાં લીમડાના દાતણની સતત વધતી માંગને કારણે બે ડોલરમાં લીમડાનું દાતણ વહેચાય છે અને તમને જાણીને નવાઈ લાગશે કે અમેરીકાએ લીમડા ઉપર પેટન્ટ લઈ લીધી છે.

એક આયુર્વેદ ચીકીત્સક તરીકે મારી તમને સલાહ છે કે, તમે ભલે રોજ દાંત સાફ કરવા માટે ટુથબ્રશ અને ટુથપેસ્ટ વાપરો પણ ત્યારબાદ નિયમીત તમને અનુકુળ આવે તેવુ દાંતણ ચાવી જાવ અને તેનો રસ પેટમાં ઉતારો.

સંસ્કુતમાં કોગળા માટે બે શબ્દ છે. (૧)કવલ અને (૨) ગંડુષ. કવલ એટલે સ્નેહ મુખમાં હલાવી શકાય એવું ભરવુ. સામાન્ય રીતે પાણીના કોગળા આવા જ ભરાય છે. ગંડુષ એટલે જરા પણ જગા મોંમા ન રહે એવો મોટો તેલનો કોગળો. કવલ સંચારી (હલાવી શકય એવો), જયારે ગંડુષ અસંચારી (હલાવી ન શકાય એવો).

સામાન્ય રીતે કોઈ પણ વસ્તુ ખાધા પછી આપણે મોઢાને ચોખ્ખું કરવા કોગળો કરવો જ જોઈએ. પણ સવારે અને રાત્રે સુતા પહેલા ૧– ગ્લાસ ગરમ પાણી કરી તેમાં એક ચમચી મીઠુ નાખીછે કગળા સુધીનો ભાગ સાફ થાય તે રીતે ખળ – ખળ અવાજ આવે તે રીતે કોગળા કરવા જોઈએ.**ગંડુષઃ**

હન્વો : બલં સ્વરબલં વદનો પચયઃ પર : । સ્યાત્પરં ચ રસજ્ઞાનમન્ને ચ રૂચિરૂતમાય॥

ન ચાસ્ય કષ્ટશોષ : સ્યાન્નોષ્ઠયો : સ્ફુટનાભ્દયમ॥

ન ચ દન્તાઃ ક્ષયં યાંતિ દ્રઢમુલા ભવંતિ ચ ॥ ન શુલ્યતંતે ન ચામ્લેન કુષ્યંતે ભક્ષયંતિ ચ ॥ ખરાનપિ પ્રાન ભક્ષ્યાન તૈલગન્ડુઅષેવનાતય॥(ચરકસંહિતા, સુ.સ્થા.અ.૫,૭૨–૭૪) તેલના કોગળા મોંમા ભરવાથી જડબા મજબુત બને છે, સ્વરનું બળ વધે છે, મોં ભરાવદાર થાય છે, રસનું જ્ઞાન ઉતમ થાય છે, અન્ન ઉપર પરમ રૂચિ ઉત્પન્ન થાય છે. તેલના કોગળા ભરનાર માણસનો કંઠ કદીયે શોષાતો નથી, તેના હોઠ કદીતે ફાટતા નથી, તેના દાંત મોટી ઉમર સુધી પડતા નથી અને દાંતનાં મુળ બહુ દ્રઢ થાય છે. તેને દાંતમાં કદીયે ચસકા મારતા નથી, તે ગમે તેવું ખાટું ખાઈ શકે છે અને ગમે તેવો કઠિન ખોરાક તે ખાઈ શકે છે. બ્રશ–દાંતણ કરી લીધા પછી આ પ્રમાણે તેલનો કોગળો પંદર વીસ મિનિટ સુધી રાખી મુકવો. હંમેશા આ પ્રમાણે તૈલગંડુષ સેવનથી દાંત બહુ જ સરસ રહે છે, દાંતના મુળિયાંને સ્નેહન મળે છે અને મશીનમાં જેમ તેલ મુકવાથી મશીન સરસ કામ આપે છે તેમ આપણે જો દાંતને પણ નિયમીત તેલ આપ્યા કરીએ તો દાંત તથા મોઢાના રોગો નહી થાય. આ ઉમરની બીજી સૌથી મોટી તકલીફ છે સાંધાના ઘસારા અને દુખાવા :

અભ્યંગ્માચરેન્નિત્યં, સ જરાશ્રમવાતહા ॥

દ્રષ્ટિપ્રસાદ્પુષ્ટ્યાયુઃસ્વપ્નસુત્વક્ત્વદાઢ્ર્યકૃત ય॥ માણસે હંમેશા અભ્યંગ (માલીશ–masaage) કરવો જોઈએ. તે અભ્યંગ ઘડપણ, થાક અને વાયુને દુર કરે છે તથા આંખને નિર્મળ કરે છે. શરીરને પોષણ આપે છે, આયુષ્ય વધારે છે, ઉંઘ લાવે છે, ચામડીને સુંદર તથા કરચલી વગરની બનાવે છે અને શરીરને મજબુત કરે છે.મહર્ષિ ચરકે અભ્યંગના ફાયદા વર્ણવતા કહ્યુ છે કે જેમ માટીનો ઘડો, ચામડું અને ગાડાની ધરી તેલ આપવાથી દ્રઢ અને ટકાઉ બને છે, તેમ હંમેશા શરીરે તેલનું માલિશ કરવાથી શરીર દ્રઢ બને છે અને ચામડી સરસ થાય છે. વાયુના વિકારો તેને સ્પર્શતા નથી, તે ખડતલ બને છે, અભ્યંગ વાયુનો નાશ કરનાર અને ચામડીને સંરક્ષનાર છે. હંમેશા અભ્યંગ કરનારનું શરીર ભરાવદાર અને બળ વાન બને છે એની ચામડી અત્યંત સુંવાળી રહે છે. અને એને ઘડપણ મોડું આવે છે. આપણા લોક વ્યવહારમાં પ્રચલિત શબ્દ 'માલિશ' ને આયુર્વેદીય પરિભાષા માં ' અભ્યંગ' કહેવાય છે.આયુર્વેદીય ઉપચાર ક્રમમાં અમુક રોગોમાં આ અભ્યંગ્નું વિશેષ મહત્વ છે.કેટલાય રોગો ને મટાડવા માટે અને શરીર ને હ્રુષ્ટ્પ્રુષ્ટ બનાવવા માટે તેલ કે ઘી થી શરીર પર જે માલિશ કરવામાં આવે છે તેને અભ્યંગ કહેવામાં આવે છે . આયુર્વેદ માં અભ્યંગ માટે તલનું તેલ સર્વોતમ ગણાવાયું છે. તલના તેલમાં વિભિન્ન એષધો નાખીને ઉકાળવામાં આવે છે. આ ઔષધસાધિત તેલોને સિધ્ધ તેલો કહેવામાં આવે છે અને ઔષધોના ગુણકર્મ પ્રમાણે તે વિભિન્ન રોગોમાં પ્રયોજાય છે. આયુર્વેદમાં અભ્યંગ હંમેશા સ્નાન પુર્વે હિતકારક કહેવાયું છે. અભ્યંગ પગની પાનીએથી શરૂ કરી, માથાના તાળવે તેનો અંત કરવો જોઈએ. એટલે કે પગથી માથા તરફ અવળી ગતિએ તે કરવું જોઈએ. ' અભ્યંગમાચરેત નિત્યં' એટલે કે આયુર્વેદમાં અભ્યંગ પ્રતિદિન્ કરવાનું લખ્યું છે, પરંતુ આપણે માત્ર શીયાળા પુરતું માલીશ કરીએ તો પણ ઘણું જ હિતાવત છે. **(ક્રમશઃ)**

# રામકથા સો કહે નિરંતર, સાદર સુનહિં વિવિધ વિહંગબર ।

અહૈતુક કૃપા



પ.પૂ. રણછોડદાસજી મહારાજ (પૂ.ગુરૂદેવ)

સંપાદક : મહેન્દ્ર સી.જોષી
મો.૯૪૨૬૬ ૫૭૭૩૬ (નિવૃત્ત કેળવણી નિરીક્ષક)
સૌજન્ય: પ.પૂ.કુ.રમાબેન પુરૂષોતમભાઈ હરિયાણી
(અહૈતુક કૃપા–પુસ્તકમાંથી)



એના પર પડતી. રોજ સવારે અમારે ત્યાં થતાં ફૂલ ભગવાનને ચડાવતી ત્યારે તે ફૂલની યાદ આવી જતી. થોડા દિવસ બાદ વહેલી સવારે ફૂલ તોડતાં ખૂબ જ આશ્ચર્યજનક ઘટના બની જે માની ન શકાય. ગુચ્છાવાળા ફૂલના ઝાડમાં જોયું તો પેલું એક ફૂલ (અંડર સ્કૅાર) (અંડર સ્કૅાર) ઊગેલું હતું તે જેતાં સ્તબ્ધ બની ગઈ. ભગવાને મારી ઈચ્છા આ રીતે પૂરી કરી. તે જેઈ પ્રસન્નતાની સીમા ન રહી. ત્યારે લગભગ પંદરેક દિવસ હજી પાઠના બાકી હતા. બીજા દિવસે પણ તે જ રીતે એક ફૂલ મળ્યું. મને તો એમ હતું કે એક દિવસ ભગવાને ઈચ્છા પૂરી કરી ત્યાં તે આ રીતે પાઠ પૂરાં થયા ત્યાં સુધી રોજ એક ફૂલ મળતું રહ્યું અને પાઠ પૂરા થતાં બીજા દિવસથી તે રીતે ફૂલ ઉગવાના બંધ થયાં.

**(૯૬) કિન્હીં કૃપા સુમરિ ગુણ**

મારૂ આ કાર્ય પૂરૂ થયા બાદ થોડા સમયમાં હું નાગપુરથી ચિત્રકૂટ પૂ. શ્રી ડોંગરે મહારાજની કથા સાંભળવા ગયેલી. ત્યારે અલ્હાબાદ, બનારસ, અધ્યાજીની યાત્રા કરી થોડા દિવસ કલકત્તા ગઈ પાછી ચિત્રકૂટ રામનવમીને ઉત્સવ પૂરે કરીને દુર્ગા રહી. આ દિવસેમાં મુંબઈથી મનહરભાઈ તથા ઉર્વાના મુંબઈ બેલાવવા બાબત પત્રે આવતા. તેઓના અતિ આગ્રહવશાત્ મુંબઈ ગઈ. તે વખતે મુંબઈમાં અઢી મહિના રહી. તેમાં બે મહિના મને વોર્ડનરોડ અ. સૌ. જયાબહેને પિતાની પાસે રોકી રાખેલી. ભગવાનના દેહવિલય બાદ તેઓએ ભગવાનની દરેક વસ્તુ પ્રસાદી રૂપે ખૂબ જ પ્રેમભાવથી સારી રીતે જાળવી રાખી છે. તે ચીજોની બધી વ્યવસ્થા અંગે માર્ગદર્શન લેવા માટે મને રોકવાને તેમને ખૂબ આગ્રહ રહ્યો. યથાસમજ પ્રમાણે ભગવાનના ફેટાઓ તેમજ ચીજવસ્તુઓ ગોઠવી આપતાં તેમને સંતોષ થયો. આ કારણે મનહરભાઈને ત્યાં ન રહી શકવાથી તેમને પૂર્ણ અસંતોષ થે. પરંતુ અ. સૌ. શારદાબહેનના આગ્રહવશ થઈ તેમના દીકરા અનિલ ભાઈના લગ્નમાં કલકત્તા જવાનું થયું. તે વખતે મનહરભાઈ અને રામકૃપાભાજન તુમ તાતા, હરિગુણ પ્રીતી મોહિં સુખદાતા ।

તેમના પરિવારે પાછા આવવા માટે વચન બદ્ધ કરી કલકત્તા જવા દીધી.

મુંબઈથી કલકત્તા જવા માટે હાવડા મેલથી રવાના થઈ ત્યારે બધાનો ખૂબ આગ્રહ છતાં મેં બિસ્તર સાથે લઈ જવા ના કહી. તેઓએ મારાથી છુપી રીતે બિસ્તર તૈયાર પણ રાખેલું અને સામાનમાં મૂકી દેવાના હતા. પરંતુ પ્રભુ ઈચ્છા કંઈક જુદી પ્રતીતિ કરાવવાની હશે. તેથી તે લેવાનું ભૂલાઈ ગયું. ઠંડીના દિવસે હતા. પાસે પહેરવાના કપડાં સિવાય કાંઈ હતું નહીં. કલ્યાણથી આગળ ગાડી પહોંચતા ઠંડી શરૂ થઈ, ધીરે ધીરે ઠંડી વધવા લાગી. વિચાર આવ્યો કહેવાનું માની નહીં, મુસાફરીની બે રાત ઠંડીમાં કેમ જશે ? લાકડાની સીટ પર સૂતા સૂતા ટ્રેનના અવાજ સાથે તાલ મળી જતાં જાણે તે અવાજમાં સંભળાતું હતું, ‘‘ભકતવત્સલ, ભકતવત્સલ.......’’ પછી તો જાણે તે જાપ ચાલુ થઈ ગયા. આ વખતે ભગવાને કહેલ પ્રસંગ યાદ આવ્યો, એક જગહ એક સાથે ચાર જને પૈદલ કહીં જા રહે થે. બીચમેં થોડી દેર એક પડ કે નીચે બૈઠ ગયે. પેડ કે ઉપર એક ચિડિયાં બોલ રહી થી. ચારમેસે એક ફકીર થા ઉસને કહા, દેખો ચિડિયાં કયા બોલ રહી હૈ. ‘‘ખુદા તેરી કુદરત, ખુદા તેરી કુદરત.’’ દૂસરા કસરત બાજ થા. ઉસને કહા, નહીં યહ તે કહતી હૈ, ‘‘ દંડ બૈઠક કસરત, દંડ બૈઠક કસરત.’’ તીસરા સર્જી બેચનેવાલા થા ઉસને કહે તુમ દોનો ગલત હો. યે કહતી હૈ, ‘‘પ્યાજ, લહસૂન, અદરખ, પ્યાજ, લહસૂન, અદરખ.’’ ચૌથા બ્રાહ્મણ થા ઉસને કહા, નહીં ચિડિયાં તો કહતી હૈ ‘‘રામ લક્ષ્મણ દશરથ, રામ લક્ષ્મણ દશરથ.’’ તે રીતે મને પણ મારા ભાવ પ્રમાણે ‘‘ ભકતવત્સલ, ભકતવત્સલ’’ સંભળાવા લાગ્યું.

ઈગતપુરી આવતાં હું બહેનોની કેબિનમાં હતી. તેમાંથી એક બહેન સિંધી હતા. તેમણે કહ્યું, ‘‘બહેનજી, આપકે પાસ બિસ્તર નહીં હૈ ? લિજીયે મેં દેતી હું’’ મેં ના જણાવી. મને સિંધી જાતિ પ્રત્યે પૂર્ણરૂપે પૂર્વગ્રહ હતો કે તેઓ ગંદા હોય અને તેમાં પણ તેમની સાથે નાના બે બાળકો હતા તેથી તેમનું બિસ્તર સ્વચ્છ ન જ હોય. તેથી ઠંડી સહન કરવી પસંદ હતી. પરંતુ તેમનું બિસ્તર લેવું પસંદ નહોતું. તેમને મેં કાંઈ મારા આ વિચાર જણાવેલ નહીં. છતાં પ્રેરણા આપનાર મારી સાથે હતા. જાણે તે બહેન મારા વિચાર સમજી ગયા હોય તે રીતે બેલ્યા, ‘‘બહેનજી, મૈ અપના બિસ્તર આપકો નહી

**રામકૃપા આપનિ જડતાઈ, કહૌ ખગેરા સુનહુ મનભઈ ।**

દુંગી, દેખિયે મે કયા દેતી હું.’’ તેમ કહી તેમની બેગ ખોલી તેમાંથી પ્લાસ્ટીકની થેલીમાંથી બે નવા કમ્બલ કાઢી આપ્યા. તેમની આવી ઉદારત જોઈ ખરેખર હું ગદગદ થઈ ગઈ. મેં કહ્યું, ‘‘બહેનજી, સફરમેં યે આપકે નયે કમ્બલ ગંદે હે જાયેંગે.’’ તેઓ માન્યા નહીં અને કહ્યું, ‘‘ કયા હમ ઈસે કભી કામમેં નહીં લેંગે? ઔર યે કભી ગંદે નહીં હોંગે ? આપ ઐસા સંકોચ ન કરે. એક બિછા લિજિયે ઔર એક ઓઢ લિજિયે.’’ હવે તો ભકતવત્સલતાનું દર્શન કર્યા બાદ ‘‘ભકતવત્સલના’’ જાપ વધારે ચાલુ રહ્યા. કોઈ માને કે ન માને ગમે તે રીતે હજી પણ મારા ભગવાન મારી સાથે છે અને એટલી જ સંભાળ લઈ રહ્યા છે તેની પ્રતીતિ કરાવતું મારા માટે આ સ્પષ્ટ દર્શન છે.

સવારે નાગપુર પહોંચતાં ભાઈ ભાભી તેમજ અજીત સ્ટેશને આવેલા. અજીતને મારી સાથે દુર્ગ મોકલવાનો હતો. જમવાનું લાવ્યા હેવાથી જમવાનું પતાવ્યું. ભાભીનું ધ્યાન ગયું અને પૂછયું કે બિસ્તર નથી ? વિગત જણાવતાં ભાઈ એ જ ટ્રેનમાં ભંડારા સુધી જતા હતા, જે નાગપુરથી નજીક હોવાથી તેમણે પિતાની બે ચાદર તેમજ હવા ભરવાને તકિયે મને આપી દીધા. સાંજે લગભગ પાંચ વાગે દુર્ગ આવતા ધીરૂભાઈ ભાભી સ્ટેશને આવેલા. ધીરૂભાઈ માટે અમેરીકાથી આવેલ સ્વેટર નાગપુરથી મારી સાથે મોકલાવેલું તેથી તેમણે ઠંડીના હિસાબે મને સાથે આપ્યું. દુર્ગ પછી રાયપુર સ્ટેશન પેલા બહેનને ઉતરવાનું હતું તેથી ભગવાને આ રીતે બીજી રાત માટે પણ બિસ્તર, સ્વેટરની સગવડ કરી આપી. આ પ્રસંગ પરથી ભગવાને કહેલા નિજ અનુભવની ઘટના યાદ આવી ગઈ, ‘‘એક દિન સર્દી કે દિનોમેં મૈં એક જંગલમેં થા. એક પડકે નીચે સૌ ગયા. સર્દી બઢતી જા રહી થી. પાસમેં હી એક નાવિક કા ઘર થા. નાવિક કી પત્નીને બહુત આગ્રહ કિયા,‘‘ બાબાજી, હમારે બરામદેમેં આપ સો જાઈયે. આપકે ઓઢને, બિછાનેકે મૈ દેતી હું.’’ પરંતુ અહમ ના કહતા થા કિ નહીં હમ તો સાધુ હૈ, પેડ કે નીચે હી સોયેંગે. રાત કે સાથે સર્દી ભી બઢતી જા રહી થી. તિતિક્ષા તે થી નહીં. અબ કરના કયા ? સોચા, ચલો વહીં પર જાકર સો જાતા હું. નાવિક કા ઘર તો બંધ થા. અબ ઓઢને બિછાને કે લિયે કુછ થા નહીં. બહાર ઉસ બહેન કા ઘાઘરા સૂખ રહા થા, વહ ઓઢ ના પડા. જલ્દી સુબહ ઉઠકર વહ બહન બહાર આઈ મુઝે એસે દેખકર ઉન્હેં બહુત સંકેચ હુઆ ઔર

**રામઉદર દેખેડ જગ નાના, દેખત બનૈ ન જાય બખાના ।**

ક્ષમા માંગને લગી. પરંતુ અબ કૃયા? કહ દિયા, ભાઈ હમ કભી ટાટામ્બર, કભી વ્યાઘામ્બર તેં કભી ઘાઘામ્બર.’’બીજે દિવસે સવારે કલકત્તા પહોંચી. તે વખતે ત્યાં બંગાલીઓનું થોડું તોફન હતું અને અ. સૌ. શારદાબહેન લગ્ન પ્રસંગના કામમાં રોકાયેલા હેવાથી તેમના જમાઈને સ્ટેશન મોકલેલા. પરંતુ તેઓ મને મળ્યા નહીં. તેઓ ત્યાંના વાતાવરણના કારણે મારા માટે ચિંતિત હતા. પણ જેની સાથે સાક્ષાત ભગવાન છે તેને પોતાની કશી જ ચિંતા કરવાની રહેતી નથી. મુંબઈથી ટ્રેનમાં એક ભાઈ સાથે હતા. હાવડા પહોંચતા તેમની પત્ની ગાડી લઈને તેમને લેવા આવેલા. મને તે ભાઈએ પૂછયું, ‘‘બહેન, તમારે કયાં જવાનું છે?’’ મેં ભવાનીપુર જણાવતાં કહે, ‘‘મારે પણ ત્યાં જ જવાનું છે. ચાલે મારી ગાડીમાં’’ તેઓ કિશનભાઈને ઓળખતા હતા. છેક ઘર સુધી મૂકી ગયા. ઘેર પહોંચતા બધા વાડીમાં ગયેલા. તેમના જમાઈને હું ન મળી હોવાથી શારદાબહેનની ચિંતા વધી ગઈ હતી. ઘેર આવતાની સાથે મને ભેટી પડ્યા અને ખૂબ ખુશ થયા. થોડીવાર બાદ મેં અનિલના લગ્ન નિમિત્તે આપવા માટે લીધેલ ભગવાનને ફોટો બતાવ્યો. તે જેતા જ તેઓ આનંદ વિભેર બની રડી પડયા અને બેલ્યા, ‘‘બસ મારી ઈચ્છા પૂરી થઈ ગઈ. અનિલના લગ્નમાં ભગવાન આવી ગયા.’’ પછી તેમણે વાત કરી, તે જ દિવસે વહેલી સવારે ચાર વાગે તેમને ભગવાનના સ્વપ્નદર્શન થયેલાં ભગવાન અનિલના લગ્નમાં કેસરી વસ્ત્રો પહેરી આવેલા દેખાયા. ઉઠયા, ત્યારે તેમને આશ્ચર્ય થયું કે ભગવાન કેસરી વસ્ત્રમાં કેમ દેખાયા? કારણ ભગવાન તો હંમેશા સફેદ વસ્ત્ર ધારણ કરતા. આ રંગીન ફોટામાં ભગવાનનું વસ્ત્ર કેસરી હતું તેથી તેઓને જાણે પ્રમાણ મળી ગયું. મને પણ આ ફોટો કેવી રીતે મળ્યો તે પણ ખૂબ જ આશ્ચર્ય–જનક વાત છે.

પહેલાં તે મેં એલાર્મ ઘડિયાળ ભેટ આપવા લીધેલું. પછી વિચાર થયો કે આવી ભેટ તે સૌ કોઈ આપશે. હું કેઈ ભગવાનનો સુંદર ફોટો આપું તે સારૂ. પરંતુ મનગમતે ફોટો કયાંય મળતો નહોતો. મુંબઈથી નીકળવાના આગલે દિવસે રાત્રે અચાનક એક ભાઈ મનહરભાઈને ત્યાં આવ્યા અને કહ્યું, ‘‘રમાબહેન, જુઓ તમને એક સરસ ચીજ બતાવું.’’ પેકેટ ખોલીને જોતાં ભગવાનને સુંદર રંગીન ફોટો અને તે પણ સ્ટીલની ફ્રેમમાં તૈયાર, તરત જ મેં હાથમાં લેતા કહ્યું.

# વહાલનો દરિયો હતો, ઓટમાં વહી ગયો..! હોડી, હલેસા, હવા, રેતી પણ ઉદાસ છે. !

આપણે માનવ સાવ સાધારણ છીએ. તેમ છતાં કેટલાક લોકો અભિમાનમાં ફરે છે કુદરતનો યોજનામાં આપણે કોઈ ફેરફાર ન કરી શકીએ. એમ વાવાઝોડું આવે અને બધું જ વેરણ છેરણ થઈ જાય છે. એ ધરતીકંપ થાય અને બધું હતું ન હતું થઈ જાય. ભારેખમ પર્વતો, મકાનો પણ દવસ્ત થઈ જાય.

ફળની આશા રાખી પુરૂષાર્થ કરનારાઓ પણ ધારણા અનુસાર લાભ પ્રાપ્ત કરી શકયા નથી. કુદરત કૃપાળુ છે. તેઓ જે કરે છે. તે સારૂ કરે છે તેનો સ્વીકાર કરવાથી જીવનની નૌકા ફળતી બચે છે. જે અશકય છે તેને અશકય રહેવા દઈ શકયનો સ્વીકાર કરવો પડે છે. સમજી વિચારીને સમાધાન જીવનનો મર્મ છે. એક દષ્ટાંત : એક માણસને જીવનમાં ઘણા કડવા અનુભવો થયા. કાશી, મથુરા, કેદારનાથ અરે ભારતના બધા તીર્થધામ ફરી વળ્યો. મનમાં શાંતિ ન થઈ. એક મિત્રે ઓશોના આશ્રમમાં જવાનું કહ્યું ઓશો પાસે આવીને કહ્યું : મારે શાંતી જોઈએ છે. બે વરસથી હું તીર્થધામ, આશ્રમોની મુલાકાત લીધી છે પણ મને શાંતિ મળી નથી. આખરે તમારી પાસે આવ્યો છું. ઓશોએ કહ્યું તમે જેવા આવ્યા છો તેવા પાછા જાવો. પેલા કહે પણ હું તમે જેમને અંશાતિની દીક્ષા આપી છે. તેમની પાસે જાઓ. કોણે તમને અંશાતિની દિક્ષા આપી છે. પેલો કહે તમે ગમે તે કરો પણ મને રસ્તો બતાવો. ઓશોએ કહ્યું કે તમે વધુ અંશાતિના રસ્તે જાઓ છો. શાંત બનવાનો એક જ રસ્તો છે. તે અંશાતિનો સ્વીકાર કરી લો. જે દિવસે અંશાતિનો સ્વીકાર કરશો તે દિવસે અંશાતિ ચાલી જશે. જે લોકો સંસારના દુઃખોનો સ્વીકાર કરતા નથી તે વધુ દુઃખી થાય છે.

મૃત્યુનો સ્વીકાર કરવો પડે છે. ધીમે ધીમે દુઃખનો સ્વીકાર થતો જાય છે. જેઓ મૃત્યુનો સ્વીકાર નથી કરતા તેઓ દુઃખ, અંશાતિ, તકલીફમાં પડે છે. મૃત્યુ પછીની જે ધાર્મિક વિધિ છે તે મનને શાંત કરવાના ઉપાય તરીકે પ્રયોજાય છે. તો શત્રુનો પણ સ્વીકાર કરવા કહે છે. શત્રુ મિત્ર બની જશે.

મૃત્યુ ઉપર વિજયની આકાંક્ષા રાખવી નહિં મૃત્યુનો

અબ્રાહમ લિંકનના પત્નીએ એક વખત મિત્રોની વચ્ચે ચા પીતાં પીતાં એક કપનો લિંકન ઉપર ઘા કર્યો હતો. લિંકનના સેક્રેટરીએ લખ્યું છે કે લિંકનનું ખૂન થિયેટરમાં થયું છે તે દુનિયા જાણે છે. પણ તેમના આત્માનું ખૂન તો કયારનું થઈ ગયું હતું. દુનિયાનો સૌથી ડાહયો માણસ સત્વીર સોક્રેટિસને વાંચો

## સુખી અને સાર્થક જીવનનું રહસ્ય



**ડો. ધીરજકુમાર વ્યાસ**
**મો. ૯૪૨૭૨ ૪૪૨૫૧ (એડવોકેટ)**
**બગસરા**

સ્વીકાર કરો. ગીતાનો અભ્યાસ ચર્ચા, ઉદ્વેગને શાંત કરે છે. રામાયણ, મહાભારત, ભાગવતકથાને શરણે જવાથી મનના ઉત્પાતો શાંત બને છે. ઘણા માણસો દવાથી કે પ્રયોગથી જીવન લંબાવવા પ્રયત્ન કરે છે. આયુર્વેદમાં કાયા કલ્પના પણ પ્રયોગો છે. આજનું વિજ્ઞાન મનુષ્યને લાંબુ જીવન આપી શકશે. શાંતિ આપી શકશે નહિ. બહુ થોડા વરસોમાં માણસ ૧૫૦ વરસ જીવતો રહે તેમાં સફળતા મળશે. પણ માનસિક રીતે ડીપ્રેશનમાં અશાંતિમાં રહેશે તો ? ઘણીવાર ઘણા ડાહયા, ભણેલા, વૈજ્ઞાનિકો પણ આત્મહત્યા કરે છે ત્યારે થાય છે કે બુદ્ધિશાળી હોવું અને સમજણનું જ્ઞાન હોવું એ અલગ બાબત છે. સમાજમાં ઘણા માણસો ઘણી મુશ્કેલીઓ સાથે સમાધાન કરી આનંદપૂર્વક જીવન જીવે છે.

હું ઘણીવાર ફેમિલી કોર્ટમાં, કે છૂટાછેડા, જેવા પ્રશ્નોમાં અને કાનુની શીબીરમાં સોક્રેટીસ, અબ્રાહમ લિંકન, મહાત્મા ટોલ્સ્ટોય, જેવાના જીવન પ્રસંગોની વાત કહું છું.

ઝેન્થીપીને યાદ કરો. મહાત્મા ટોલ્સ્ટોયના દર્શન માટે માણસો આવતા હતા. એ મહાત્મા એક શિયાળાની વહેલી સવારે રેલ્વેના પ્લેટફોર્મ પાસે મરેલા પડયા હતા. ભયંકર ઠંડીમાં તેઓ ઘરની બહાર નીકળી ગયા હતા. તેમના કોર્ટના ખીસામાંથી એક ચિઠી મળી આવી હતી. તેમાં લખ્યું હતું કે હું મરી જાઉ તો મને મારા ઘરે લઈ જતા નહિ. હું મરી ગયા પછી પણ ઘરે જવા માગતો નથી. વિશ્વનાં મહાપુરૂષોની આત્મકથા જીવનકથા વાંચવાથી ઘણું રહસ્ય જાણવા મળશે.નીરસ, ઉદાસ જીવવાને બદલે મિત્રોને બોલાવો. મહેમાન બનો. આપણે એકસો વરસ પૂરા જીવવું છે.

ઘણા નેવું વરસના માણસોની મુલાકાત લીધી છે. તેઓ ઘણા મોજથી જીવે છે. વાસ્તવિકતાનો સ્વીકાર કરી લીધો છે. તેઓ ઉતમ જીવન જીવી રહ્યા છે. આપણી સંસ્કૃતિ આપણો સનાતન ધર્મ શ્રેષ્ઠ સંદેશ આપે છે કે જીવન એક ઉત્સવ છે અને આ ઉત્સવ આપણે ઉજવવા હર ક્ષણે તૈયાર રહેવાનું છે.

# આજે વિશ્વ બૌધિક અક્ષમતા દિવસ

આજે ૮ ડિસેમ્બર એટલે વિ બૌધિક અક્ષમતા દિવસ (વિ માનસિક વિકલાંગ દિવસ) તરીકે ઉજવવામાં આવે છે. દિવ્યાંગ ધારો ૨૦૧૬ મુજબ આરપીડબલ્યુડી એકટ ૨૦૧૬ મુજબ ભારત સરકારે ૨૧ પ્રકારની દિવયાંગતાને માન્યતા આપી છે. જેમાથી આજે આપણે (Intellectual disability) બૌધિક અક્ષમતા વિશે વાત કરીશું

આપણે જયારે દરેક વ્યકિની વાત કરીએ તો તેમનો બુદ્ધિઆંક શરેરાશ ૯૦થી ૧૧૦ની વચ્ચે હોય હાઈ કેલિબર વાળા વ્યકિતઓનો બુદ્ધિઆંક ૧૨૦થી પણ વધારે હોય શકે પરંતુ બૌધિક અક્ષમતા ધરાવતા વ્યકિતઓનો બુદ્ધિઆંક ૭૦થી ઓછો હોય છે.

બુદ્ધિઆંક મુજબ બૌધિક અક્ષમતા વાળા લોકોને (૧) ૭૦થી૫૦ની વચ્ચે માઈલ્ડ (૨) ૫૦થી૩૫ ની વચ્ચે માડરેટ (૩) ૩૫થી૨૦ વચ્ચે સિવિયર અને (૪) ૨૦થી પ્રોફાઉન્ડ આ ચાર વિભાગમાં વર્ગીકરણ કરવામાં આવેછે. કલીકિનકલ સાઈકોલોજીસ્ટ IQ ટેસ્ટ SFB ટેસ્ટ અને VSMS ટેસ્ટ દ્વારા IQ નક્કી કરવામાં આવે છે. જયારે આવા બાળકોના શિક્ષણની વાત કરીએ તો સ્પે.ટીચર/સ્પે.એજયુકેટર બુદ્ધિઆંક પર થી IEP બનાવી બાળક શિક્ષણ અને તેમના માતપિતા માટે હોમપ્લાન બનાવે છે. અને શિક્ષણનું કાર્ય થઈ શકેછે.

માઈલ્ડ દિવ્યાંગ્તા ધરાવતા એજયુકેબલ અને માડરેટ દિવયાંગતા ધરાવતા ટ્રેનેબલ હોય છે. વર્તમાન સમયમાં નવી શિક્ષણ નિતી મુજબ સામન્ય બાળકો સાથે આ બાળકો શિક્ષણ મેળવી શકે છે. સાથો સાથ જિલ્લા વાર સ્પે.સ્કૂલ અને ડેકેર સેન્ટરો પણ હોય છે.બાળકોનું સામાજિકરણ થાઈ તે અગત્યનું છે. જેના માટે સ્પે.ટીચર/સ્પે.એજયુકેટર સામન્ય શાળાના પ્રિન્સિપાલ, વર્ગશિક્ષક, શાળાના અન્ય શિક્ષકો, દિવ્યાંગ બાળકોનો પરિવાર અને સમાજ મહત્વોનો ભાગ ભજવે છે.

વર્તમાન સમયમાં બૌધિક અક્ષમતા વાળા વ્યકિતઓ પ્રતીયે સમાજના મનોવલણો કઈક આવા છે, જેમ, કે તેમને બુદ્ધિ વગરના અથવા ગાંડા ગણવામાં આવેછે. હકીકતમાં તેઓની બુદ્ધિ શરેરાશ કરતાં ઓછી છે. અને ગાંડા તો નો જ કહી શકાય કેમ, કે ગાંડપણ એ એક માનસિક બીમારી છે. સમાજમાં ઘણીવાર એવું માનવમાં આવે છે કે, દિવ્યાંગ લોકોને જમાડવું એ પુણ્યનું કામ સમજવામાં આવે છે, તેમને બિચારા, બાપડા, સમજવામાં આવે છે. સમાજ ઉપર બોજારૂપ પણ માનવમાં પણ આવેછે. વાસ્તવિકતા આવા બાળકો સમાજ પર બેજારૂપ નથી તેઓને માત્ર પ્રેમ હુક અને લાગણીની જરૂર છે.

આજના દિવસે સમાજ આ બાળકોનું અને તેના વાલીઓનો હાથ પકડે અને તેમને પણ પૃથ્વીનો એક ધબકો અંશ સમજી તેની અવગણના ન કરે તો પણ ઉજવણી યથાર્થ ગણાશે. આજે સમાજે બૌધિક અક્ષમતા બાળકોને એક અર્થપૂણ, પ્રેમપૂર્ણ અને સમજપૂર્ણ આવતીકાલ આપવામાં નિમિત બનવું પડશે તેમની આવતીકાલની ઉડાનમાં એમની શ્રદ્ધા અને સંકલ્પરૂપી પાંખો બનવું પડશે. બૌધિક અક્ષમતા વાળા બાળકોને માટે માત્ર દાયરૂપી દાનની જ નહી પરંતુ સહકારરૂપી સ્વીકારની પણ જરૂર છે. અમરેલી શહેરમાં ચિતલ રોડ પર ‘સમન્વય’ સેન્ટરમાં બૌધિક અક્ષમતા બાળકો અને અન્ય દિવ્યાંગ બાળકો માટે ડેકેસેન્ટર ચાલવામાં આવે છે, જેમાં ૧૫ બાળકોને અસામન્ય તકલીફો છતાં પૂરા જોમ જુસ્સાથી તાલીમ લઈ રહ્યા છે. આ માનસિક વિકલાંગતા ધરાવતા બાળકોને સ્વમાન, શિક્ષણ, આત્મવિશ્વાસ આપવામાં આવે છે.**(રિયાઝ વેરસીયા)સ્પે.એજયુકેટર–અમરેલી**



# ‘‘શૃંગથી સરકયા અને ખીણોમાં ખોવાયા અમે, મુગ્ધતાના છે કસમ,અમને ન દેખાયા અમે’’

– ગની દહીંવાળા



**યોગેશ ભટ્ટ**
**(બી.એ.એલ.એલ.બી)**
**મો. ૯૯૨૪૦૧૩૪૬૪ – અમરેલી**

## ‘સમજણ એ જ નારાયણ

જીવન એક અનંત યાત્રા છે. અને આ યાત્રા એટલી આરોહ– અવરોહથી ભરેલી છે, એટલી બધી મોહ–માયા અને તેના બંધનોમાં વણાયેલી, ગુંથાયેલી છે કે તેનો સાર અને પાર પામવો એટલો સરળ નથી.! વિચારો,વાણી, વ્યવહાર, વર્તન અને વલણોના વલયો કાયમ માણસની અંદર સર્જાતા ઉઠતા જ રહે છે. જીવનરૂપી પહાડમાં વૃત્તિઓના પછી તો ધોરિયા પડી જતાં હોય છે. આદતો કાયમ અજગર ભરડો લઈ લેતી હોય છે !

આપણે ત્યાં કહેવાય છે કે દેવતાઓ પણ જયાં પગ મુકતાં વિચાર કરે ત્યાં મૂર્ખાઓ સીધા જ ઘસી જતા હોય છે. માણસ કાયમ પોતાની જ સાચો માને છે ! પોતાનો વિચાર, વાણી, વર્તન,વ્યવહાર જ સાચો, આવી ગ્રંથિ મોટાભાગના માણસોનાં મગજમાં ઘર કરી ગઈ હોય છે!"I is always Capital" ‘‘હું કહું એ જ સાચું’’ આદરણીય શાહ બુદીનભાઈ રાઠોડ કહે છે કે : આ આઈ ને જો આડો પાડી દેવામાં આવે તો એ આધ્યાત્મ તરફ જવાનો બ્રિજ બની જાય છે,પછી તો એ આઈ જેટલો મોટો એટલો બ્રિજ પણ મોટો.!

માણસ ગુમાનમાં,ગફલતમાં અન્યનું તો ઠીક પણ પોતાનું પણ અહિત કરી લેતો હોય છે! કુતરાના મોઢામાં હાડકું આવી જાય પછી તે સતત તે હાડકાને મોઢામાં રાખીને ચૂસ્યા કરે છે.. તેમાંથી રસ જરતો હોવાનો આનંદ લીધા કરે છે, પણ તેને બહુ મોડેથી સમજાય છે કે આજે રસજરે છે, એ હાડકામાંથી નથી આવતો પણ પોતાના મોઢામાંથી, પેઢામાંથી નીકળતું લોહી છે. જેનો તે આનંદ માણી રહ્યો છે ! સરવાળે તો જાતને જ નુકસાન થતું હોય છે ! આમ માણસ પણ વ્યભિચાર, વ્યસન, ગુમાન અને ગફલતોનાં આડા માર્ગે દોરવાઈને જાતનું જ પતન નોતરે છે! ઋષિકવિ રાજેન્દ્ર શુકલ આ જ વાતને જરા જુદી રીતે લખે છે કે :

‘‘કાળ જેવો કાળ પણ કણ કણ થઈ ખરતો રહે,
ઘાટનો અર્થ જ કશું ઘડતર, તે લૂણો હોય પણ,
એ મળ્યે આકાર આખો ઓળખી લેજો ફરી
ખંડિયેર જાણભેદુ કોક ખૂણો હોય પણ.’’

**: તીખારો :** આપણે જે ઘડી આપણા ના રહ્યા,ત્યારે દુનિયા યે વહેવાર ચૂકી હતી.
ગની દહીવાળા

# *સ્વયં સાથે સંવાદ કરીએ*

અનુભૂતિના અક્ષરો
– નિધિ મહેતા "ખુશી" અમદાવાદ



આજકાલ ટેકનોલોજીના અમાપ વિકાસથી આપણું જીવન ખૂબ વેગવંતુ બન્યું છે. કમ્યુનિકેશનના ઘણા રસ્તાઓ હોવા છતાં માણસ માણસથી દૂર થઈ રહ્યો છે. આંગળીના ટેરવે આખા જગત સાથે જોડાઈ શકતો માણસ ઉંબરાના અંગતથી દૂર થતો જાય છે. પોતાની જાત અને પોતિકાઓથી અળગો થતો જાય છે. જોકે ટેકનોલોજી આપણી સુવિધા, સગવડ અને સવલતનો વિસ્તાર ચોક્કસ વધાર્યો છે. પણ સામે પક્ષે જાત સાથેના સંવાદ અને માનવીય સંવેદનોનો વ્યાપ ઘટાડયો છે. વર્ચ્યુલ વિશ્વમાં વિસ્તરતો માનવી તેના એકચૂલ અને અંગત વિશ્વમાં ખૂબ તંગ થતો જાય છે. તે અપગ્રેડ કે અપડેટ થવાની દોડમાં ઘણું બધું ગુમાવતો જાય છે. ત્યારે આવા સમયમાં વ્યક્તિનો તેની જાત સાથેનો સંવાદ ખૂબ જરૂરી છે જાત સાથેના પરીક્ષણથી વ્યક્તિ યોગ્ય દિશાએ આગળ વધી શકે છે અને જાત સાથેનો સંવાદ વ્યક્તિને સજાગ અને સાવચેત રાખે છે. સાચા ખોટાની સમજ આપે છે.

આ ઝડપી જમાનામાં માણસને પોતાના વિકાસના અને વિસ્તરવાના રસ્તે આગળ વધવા ખૂબ તક અને સુવિધાઓ છે. ત્યારે ઘણી વખત માણસ બધાને ન્યાય આપતા, બધાને સમય આપતા આપતા જીવનમાં સૌથી અમૂલ્ય વ્યક્તિ એટલે પોતે અને એ પોતાની જાતને સમય આપવાનું ચૂકી જાય છે. જાત સાથે સંવાદ કરવાનું ચૂકી જાય છે. લગભગ બે ઘડી અટકીને એકલા જાત સાથે નિરાંતે બેસીને આપણે કયારે વાતો કરી ? તે આપણને યાદ હોતું નથી. પરંતુ ખરેખર આપણી માનસિક મજબૂતી માટે અને યોગ્ય દિશાની દોરવણી માટે આ સ્વયં સાથેનો સંવાદ ખૂબ ઉપયોગી થાય છે. કારણ કે આપણે ઘણા બધા સવાલોના જવાબ શોધવા આખી દુનિયા ભટકીએ છીએ જેના જવાબો કયાંક આપણી જ અંદરથી આપણને મળી જાય છે. વળી, જાત સાથેનો સંવાદ માણસને અયોગ્ય દિશાએથી પાછો વાળે છે અથવા અયોગ્ય દિશાએ વળતા અટકાવે છે. જાત સાથે સંવાદ કરતો વ્યક્તિ સતત સતર્ક રહે છે. જેના કારણે તેનો સમય અને શક્તિ પોતાના નિર્ધારિત લક્ષ્ય માટે જ વપરાય છે. તે દિશા ભટકતો નથી. કેટકેટલાય મહાન વ્યક્તિઓના જીવન ચરિત્ર વાંચીએ તો સમજાય કે, તેમને દુનિયાએ ઓળખ્યા એ પહેલા તે સૌએ પોતાની જાતને ઓળખી છે. પોતાની ક્ષમતા, મર્યાદાઓ અને શક્તિઓ વિશે પોતે સભાન થયા છે અને એ મુજબ પોતાના વ્યક્તિત્વનો વિકાસ કર્યો છે. ત્યારે આ સ્વયં સાથેનો સંવાદ ખરેખર વ્યક્તિત્વ વિકાસમાં મહત્વનું પરિબળ બની શકે છે.

# *સંત શ્રી આપાલાખાની ૨૪૪ મી જન્મજયંતી નિમિત્તે સંતશ્રીના જીવનકવનનું વૃત્તાંતે*

સંતશ્રી આપાલાખા (લાખાભગત) નો જન્મ દુધાળા (સૈયદના) માં ઈ.સ.૧૭૮૦ માં થયો. તેમના પિતાનું નામ કરશનભગત અને માતાનું નામ કરમણબાઈ હતું. વારસામાંથી જ સંતશ્રી આપાલાખાને ધાર્મિક સંસ્કારોનું સિંચન થયું હતું. બાળપણથી જ સાધુ સંતોની સેવા કરવી અને દીનઃ દુઃખીઓને મદદરૂપ થવુ એ સંતશ્રી આપાલાખાના સ્વભાવમાં વણાય ગયા હતાં. આમ બાળપણવટાવી યુવાવસ્થામાં પ્રવેશેલા સંતશ્રી આપાલાખાએ પિતાનો વણાટકામનો વ્યવસાય અપનાવ્યો. માતા–પિતાના દબાણને વશ થઈને લગ્ન કરવા પડયા. તેમને સંતાનમાં એક દિકરી જ હતી, સંતશ્રી આપાલાખા વણાટકામ કરી ઈશ્વર સ્મરણમાં જીવન વ્યતીત કરતા હતા. એક દિવસ સંતશ્રી આપાલાખા લક્ષ્મીચંદભાઈ વાણિયાને ધાબળા દેવા જતાં હતાં ત્યારે નાવલી નદીના કાંઠે કેટલાક સાધુઓ ઠંડીથી ધ્રુજી રહ્યા હતા તે જોયું. સાધુઓએ કહ્યું કે ’ભગત આ ધાબળા અમને આપી દયો’ સંતશ્રી આપાલાખાએ કોઈ પણ વિચાર કર્યા સિવાય સાધુઓને ધાબળા આપી દીધા, ડરના માર્યા સંતશ્રી આપાલાખા ઘરે ગયા નહીં અને આંબાના ઝાડ નીચે પ્રભુ સ્મરણ કરવા લાગ્યા, તો બીજી બાજુ સંતશ્રી આપાલાખાના રૂપમાં ભગવાન તેમની લાજ રાખવા લક્ષ્મીચંદ શેઠના ઘેર ધાબળા દેવા ગયા. સંતશ્રી આપાલાખાના રૂપમાં આવેલ ભગવાન રૂપિયા લીધા વિના ચાલ્યા ગયા, લક્ષ્મીચંદ શેઠ બહાર આવે તો કોઈ નહી, એટલે સંતશ્રી આપાલાખાના ઘરે રૂપિયા દેવા ગયા, અહીં સંતશ્રી આપાલાખા પ્રભુ પ્રાર્થના કરતા હતા. તેમની માતા તેડવા આવ્યા. સંતશ્રી આપાલાખા ઘેર આવ્યા ત્યારે વાણિયાભાઈએ કહયું કે ‘ધાબળા દેવા આવ્યા પણ પૈસા લીધા વિના કેમ નીકળી ગયા? એટલે રૂપિયા દેવા આવ્યો છું’ સંતશ્રી આપાલાખા અને લક્ષ્મીચંદ શેઠ નદી કાઠે જાય છે અને સાધુઓને ધાબળ ઓઢીને બેઠેલા જોઈ વિચાર કરવા લાગ્યા. લક્ષ્મીચંદ શેઠ ઘરેથી ધાબળા લઈ આવ્યા ત્યારબાદ તેઓ સંતશ્રી આપાલાખાના ચરણોમાં પડી ગયા. આમ, પ્રભુ સમર્પિત સંતશ્રી આપાલાખા ઈશ્વર સ્મરણ કરવા લાગ્યા, તેમની નામના ગામો ગામ વધવા લાગી. સાવરકુંડલા ગામમાં વાત ફેલાઈ ગઈ કે સંતશ્રી આપાલાખાને ભગવાન મળ્યા છે.

ધીમે ધીમે થતી વાત ભાવનગર દરબારગઢમાં મહારાજશ્રી વખતસિંહજીને કાને પડી.. વખતસિંહજી મહારાજે સંતશ્રી આપાલાખાની પરીક્ષા કરવાનું નકકી કર્યુ. ભાવનગર રાજયની ચાર ઘોડાવાળી બગીમાં બેસી વખતસિંહજી મહારાજ સાવરકુંડલા આવ્યા. વખતસિંહજી મહારાજ સીધા જ લાખાભગતને ઘેર ગયા. આરતી કરીને આવતાં આખાલાખાની નજર ભાવનગરના રાજા વખતસિંહજી મહારાજ પર પડી. તેમણે વખતસિંહજી મહારાજનું હ્રદયપૂર્વક સ્વાગત કર્યુ. વખતસિંહજીએ કહ્યું ‘લાખાભગત આપને ભગવાન મળ્યા છે? લાખાભગતે હસીને કહ્યું ‘હા‘ વખતસિંહજી મહારાજ, અઢારસો પાદરનો ધણી ભાવનગર નરેશ વખતસિંહજી મારી જેવા સામાન્ય ભગતને ત્યાં આવે તો આજે મને ભગવાન મળ્યા સમાન છે. ‘તે સમય દરમિયાન સંતશ્રી આપાલાખાની મુખમુદ્રામાં વખતસિંહજી મહારાજને ભગવાનશ્રી રામચંદ્રના દર્શન થયા. વખતસિંહજી મહારાજે સંતશ્રી આપાલાખાની માફી માગી. વખતસિંહ મહારાજે કહ્યું, લાખાભગત તમારા જીવન નિર્વાહ માટે ભુવા ગામને કેડે (રસ્તે) ૮૦૦ વીઘા ખેતીલાયક જમીન આપું છું. લાખાભગતે કહ્યું ’મહારાજ, અમારે વળી સાધુઓને જમીન, વાડી, વજીફા, ધન–દોલતને શું કરવી? અમારે મન ઈશ્વર જ સર્વસ્વ છે. વખતસિંહ મહારાજે લાખાભગતને વંદન કરી કહ્યું, લાખાભગત આપતો ગંગાજળિયા સંત છો. આપને મળીને ઈશ્વરને મળ્યા સમાન છે. ભાવનગરના સૈનિકોએ લાખાભગતના નામનો જય બોલાવ્યો. બે કાંઠે વહેતી નાવલી નદીના કાંઠે સાવર અને કુંડલાની ભેગી થયેલી લોકોની મેદનીએ ’લાખા ભગતનો જય’ નો જયકારો બોલાવ્યો. વખતસિંહ મહારાજે સંતશ્રી આપાલાખાને ભાવનગરના મહેમાન બનવા કહયું પણ પ્રભુ સમર્પિત સંતશ્રી આપાલાખાએ ઈશ્વર સ્મરણ અને દીનઃ દુખીઓની સેવાને પ્રાધાન્યતા આપી. સંતશ્રી આપાલાખાના જીવન સાથે અનેક ઘટનાઓ બાબતો જોડાયેલી છે. જેમાં જાબાળમાં ભરવાડના દિકરાને સજીવન કર્યા, ગિરીધર પારેખ સાથે સત્સંગ, મુળજીભગત જયાણીને ત્યાં સંતાનપ્રાપ્તિ, જાફરાબાદમાં ખારીવાવને મીઠી કરી, સંતશ્રી જલારામબાપા સાથેનો સત્સંગ વગેરે જોડાયેલ છે. આમ, સંતશ્રી આપાલાખા પ્રભુમય જીવન જીવી ઈ.સ.૧૮૭૭ માં સમાધિ લીધી. હાલ તેમની સમાધી સ્થાન, રામજીમંદિર, રામચંદ્ર સીતાજીની મૂર્તિઓ, રામસાગર, ઢોલિયો વગેરે સંતશ્રી આપાલાખાની હયાતીની સાક્ષી પૂરે છે. સંતશ્રી આપાલાખાની જગ્યાના મહંતશ્રી નાનજીભગત સેવા પૂજા અને આરતી કરે છે.**–પ્રસ્તુતિ મનીષભાઈ બી. વિંઝુડા. (સાવરકુંડલા)**

# અમરેલીનાં જેસીંગપરાનાં કેવાયસી અને વયવંદના કાર્ડનો ૧૪૦૦ નાગરિકોએ લાભ લીધો



આ અગાઉ નાયબ દંડક કૌશિક વેકરીયા દ્વારા અમરેલી શહેરના વોડ નં ૩ અને વોડ નં ૧૧ ખાતે આયોજિત ઈ–કેવાયસી અને આયુષમાન વય વંદના કાર્ડના કેમ્પ યોજવામાં આવ્યો હતો જેમાં બહોળી સખ્યામાં લોકો જોડાયા હતા. કેમ્પમાં ભાગ લેવા લોકોમાં અભૂતપૂર્વ ઉત્સાહ દેખાયો હતો તેમજ વડીલોએ ધારાસભ્ય ઉપર આશીર્વાદ વરસાવ્યા હતા. વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા દ્વારા ઘરઆંગણે ઈ–કેવાયસી અને વડીલો માટેના આયુષમાન વયવંદના કાર્ડના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અંગે તેઓએ એક યાદીમાં જણાવ્યું હતું કે, અમરેલી શહેરના નાગરિકો અને વિધાનસભા મત વિસ્તારના નાગરિકોની સુખાકારીને ધ્યાને લઈ એક નવતર પહેલ શરૂ કરવામાં આવી છે, જેમાં સરકારની સેવાઓને મેળવવા માટે નાગરિકોએ કચેરીઓના ધક્કા ન ખાવા પડે તેમજ વૃધ્ધોને કોઈ તકલીફ ના પડે તે માટે વહીવટી તંત્રને જે તે વોર્ડમાં મોકલી વિજતારના નાગરિકોને ઈ–કેવાયસી તથા આયુષમાન કાર્ડ કાઢી આપવામાં આવ્યા હતા. આગામી દિવસોમાં અમરેલી શહેરના તમામ વોર્ડમાં અને અમરેલી વડિયા કુંકાવાવ વિધાનસભા મતવિસ્તારના તમામ ગામમાં આ પ્રકારના કમ્પ યોજી નાગરિકોને રાજય સરકારની સેવાનો લાભ અપાશે. કેમ્પનું સફળ આયોજન કરવા બદલ અમરેલી નગરપાલિકાના સભ્યઓ, જે તે બુથના કાર્યકર્તાઓ સહિત સ્થાનિક અગ્રણીઓએ કમર કસી હતી.

## સાવરકુંડલા હાઈસ્કૂલમાં ઓનલાઈન સ્ટેમ કિવઝ યોજાઈ

સાવરકુંડલા, તા. ૭

નૂતન કેળવણી મંડળ સંચાલિત જે.વી મોદી હાઈસ્કુલમાં ઓનલાઈન સ્ટેમ કિવઝ યોજાઈ. ગુજ કોસ્ટ ડી. એસ. ટી ગવર્મેન્ટ ઓફ ગુજરાત અને લોક વિજ્ઞાન કેન્દ્ર અને બાલ ભવન અમરેલીના સંપૂર્ણ સહયોગથી ડાયરેકટર નિલેશભાઈ પાઠક અને આસિસ્ટન્ટ ચેતનભાઈ પાઠકના માર્ગદર્શન નીચે શાળાના ધોરણ ૯ થી ૧૨ના ૧૫૦ વિદ્યાર્થીઓને ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવી સ્ટેમ કિવઝ સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ચેતનભાઈ પાઠકની હાજરીમાં શાળાના વિજ્ઞાન



શિક્ષકો નીતિનભાઈ સાવજ અને હરેશભાઈ ગુજરાતીએ આ પરીક્ષા માટેની વ્યવસ્થા અને માર્ગદર્શન વિદ્યાર્થીઓને આપ્યું હતું અને વિદ્યાર્થીઓએ પણ ખૂબ જ ઉત્સાહભેર ઓનલાઈન સ્ટેમ કિવઝમાં ભાગ લીધો હતો. જેમાં સમગ્ર સ્ટાફનો સહયોગ સાપડયો હતો. પરીક્ષાના સફળ આયોજન બદલ નૂતન કેળવણી મંડળ ટ્રસ્ટીઓ અને આચાર્ય આશિષભાઈ જોશીએ બધાને અભિનંદન આપ્યા હતા.

## અમરેલીમાં ગૌમાંસ સાથે પકડાયેલ આરોપીને દસ વર્ષની સજા

અમરેલી, તા. ૭

ગત તારીખ ૧૫/૩/૨૦૨૦ના રોજ પોલીસને બાતમી મળેલ કે ઝાકીરહુસેન અહેમદહુસેનભાઈ સૈયદ પશુનુ કતલ કરી માંસનું વેચાણ કરે છે. તે બાતમીને આધારે પોલીસ ધ્વારા દરોડો કરવામાં આવેલ હતો અને ત્યાંથી આરોપી ૨૫ કિલો ગૌમાંસ તથા મુદ્દામાલ સાથે મળી આવેલ હતો.

આ અંગેનો કેસ અમરેલીનાસેશન્સ કોર્ટમાં ચાલી જતા સ્પેશ્યલ પી.પી. ચંદ્રેશ બી. મહેતાની દલીલોના આધારે સેશન્સ કોર્ટે આરોપીને ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમની કલમ ૫ માં દસ વર્ષની સજા તથા એક લાખનો દંડની સજાનો હુકમ કરેલ છે.

### સવારના ૮:૩૦થી સાંજના ૫:૩૦ સુધી

## રોટરી કલબ ઓફ અમરેલી સીટી દ્વારા આજે ડો. જીવરાજ મહેતા ચોકમાં પોલીયો રસીકરણ

### ૧ થી ૫ વર્ષના બાળકોને ટીપા અવશ્ય પીવરાવો

અમરેલી, તા. ૭

અમરેલીનાં ડો. જીવરાજભાઈ મહેતા ચોકમાં આવતીકાલ રવિવારે સવારે ૮/૩૦થી સાંજના ૫/૩૦ કલાક સુધી રોટરી કલબ ઓફ અમરેલી સીટી દ્વારા ૧ થી ૫ વર્ષનાં બાળકોને પોલીયોના બે ટીપા પીવરાવાશે. જેનો લાભ લેવા વાલીઓને પ્રમુખ અનિલ આડતીયા અને સેક્રેટરી જીજ્ઞેશ મોદીએ અનુરોધ કરેલ છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૨૦ | ૧૦૯૨ |
| ૨ | ગીરનારી શીંગ | ૧૦૦૦ | ૧૧૬૫ |
| ૩ | શિંગ મોટી | ૮૦૨ | ૧૨૦૯ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૧૦૦૦ | ૧૨૦૪ |
| ૫ | તલ સફેદ | ૧૭૫૦ | ૨૫૮૦ |
| ૬ | તલ કાળા | ૩૮૨૫ | ૪૨૭૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૬૬૦ | ૩૨૮૦ |
| ૮ | બાજરો | ૫૭૬ | ૫૭૬ |
| ૯ | જુવાર | ૬૦૦ | ૮૨૫ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૩૫ | ૬૪૨ |
| ૧૧ | ઘઉં લોકવન | ૫૫૦ | ૬૦૫ |
| ૧૨ | અડદ | ૯૪૫ | ૧૮૨૫ |
| ૧૩ | ચણા | ૯૦૦ | ૧૩૯૫ |
| ૧૪ | કપાસ | ૮૧૦ | ૧૪૮૧ |
| ૧૫ | એરંડા | ૧૨૧૧ | ૧૨૧૮ |
| ૧૬ | જીરૂ | ૩૦૫૦ | ૪૨૧૫ |
| ૧૭ | ધાણા | ૯૦૦ | ૧૪૫૦ |
| ૧૮ | સોયાબીન | ૭૦૦ | ૮૩૭ |
| ૧૯ | રજકા બી | ૨૪૦૦ | ૫૨૧૦ |
| ૨૦ | મરચા લાંબા | ૭૦૦ | ૨૬૭૦ |

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૪૩ | ૧૪૭૨ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૦૦ | ૧૧૬૫ |
| ૨ | શીંગ મોટી | ૧૦૫૧ | ૧૧૭૫ |
| ૩ | તલ સફેદ | ૧૮૦૦ | ૨૪૩૧ |
| ૪ | તલ કાળા | ૪૦૦૦ | ૪૨૬૧ |
| ૫ | જીરૂ | ૪૦૦૦ | ૪૪૧૧ |
| ૬ | કપાસ | ૧૩૨૦ | ૧૪૭૦ |
| ૭ | ઘઉં લોકવન | ૪૫૦ | ૬૩૪ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૩૫ |
| ૯ | જુવાર | ૭૬૦ | ૮૦૦ |
| ૧૦ | મકાઈ | ૪૧૧ | – |
| ૧૧ | અડદ | ૯૫૦ | ૧૮૦૧ |
| ૧૨ | ચણા | ૧૧૦૦ | ૧૪૭૦ |
| ૧૩ | તુવેર | ૧૩૦૦ | ૧૭૦૦ |
| ૧૪ | ધાણા | ૧૨૦૦ | ૧૬૦૨ |
| ૧૫ | સોયાબીન | ૭૨૫ | ૮૧૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૫૦ | ૧૫૧૫ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૧૧૦ | ૧૩૭૦ |
| ૩ | મગફળી ૨૦ નંબર | ૧૧૪૨ | ૧૧૬૮ |
| ૪ | મગફળી બી.ટી. | ૯૩૦ | ૧૦૬૦ |
| ૫ | અડદ | ૧૨૧૦ | ૧૪૦૦ |
| ૬ | ઘઉં | ૫૩૨ | ૬૦૮ |
| ૭ | તલ સફેદ | ૨૦૭૦ | ૨૨૬૦ |
| ૮ | તલ કાળા | ૩૨૪૦ | ૪૧૬૦ |
| ૯ | જીરૂ | ૩૯૬૦ | ૪૩૦૦ |
| ૧૦ | સોયાબીન | ૭૮૦ | ૮૦૦ |


## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૪૮૭ |
| ૨ | ઘઉં લોકવન | ૫૪૨ | ૫૮૫ |
| ૩ | ઘઉં ટુકડા | ૫૫૫ | ૫૯૯ |
| ૪ | જુવાર | ૫૦૦ | ૫૦૦ |
| ૫ | સોયાબીન | ૬૨૫ | ૭૭૭ |
| ૬ | મગફળી | ૭૪૪ | ૧૦૫૩ |
| ૭ | ચણા | ૧૦૫૦ | ૧૨૧૬ |
| ૮ | તલ સફેદ | ૧૬૮૦ | ૨૩૦૦ |
| ૯ | ધાણા | ૧૨૪૫ | ૧૩૪૫ |
| ૧૦ | ચણા સફેદ | ૧૨૦૭ | ૧૨૦૭ |
| ૧૧ | શીંગદાણા | ૧૧૫૦ | ૧૧૯૫ |
| ૧૨ | તુવેર | ૧૦૮૫ | ૧૦૮૫ |
| ૧૩ | અડદ | ૧૧૫૦ | ૧૩૬૫ |
| ૧૪ | ચણા છોલે | ૧૯૦૫ | ૧૯૦૫ |
| ૧૫ | જીરૂ | ૨૬૦૦ | ૨૬૦૦ |

## અવસાન નોંધ

**અમરેલી :** ભાસ્કરભાઈ ટપુભાઈ થડેશ્વર (ઉ.વ. ૬૪ ભાવનગર વાળા હાલ અમરેલી) તે પ્રફુલભાઈ અને શૈલેષભાઈ કેસવાળા ના મોટા બનેવી, દીપાલીબેન અને બિન્દુબેનના પિતાજી તથા દિપકભાઈ અમૃતલાલ ચલ્લા બરવાળાવાળા અને સંજયભાઈ કાળુભાઈ સાગર મહુવાવાળાના સસરાનુ તા. ૭ના અવસાન થયેલ છે તેમનુ બેસણું તા. ૯ને સોમવારના રોજ સાંજે ૪:૦૦થી ૬:૦૦ તેમના નિવાસ સ્થાને, ઓમ નગર, શેરી નં.–૩, બ્લોક નં.–૧૦૭, અમરેલી ખાત રાખેલ છે.


### શ્રધ્ધાંજલી



સ્વ. શ્રી પરષોતમભાઈ માલવીયા
(દાસભાઈ લીલીયા વાળા)

**સ્વ. શ્રી પરષોતમભાઈ માલવીયા**

ટ્રસ્ટી

શ્રી અમરેલી જીલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત તેઓશ્રી તા. ૦૬/૧૨/૨૦૨૪ ને શુક્રવાર ના રોજ અવસાન પામ્યા હોય સતગત્ નાં આત્માને ઈશ્વર ચીર શાંતિ અર્પે તેવી પ્રભુ પાસે પ્રાર્થના

લી. સંકુલ પરિવાર અમરેલી

**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)**

સ્થળ:–શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ), ચક્કરગઢરોડ, અમરેલી - Ad060


## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૭૫ | ૧૨૦૦ |
| ૨ | તલ સફેદ | ૧૫૦૧ | ૨૪૦૧ |
| ૩ | કપાસ | ૧૩૯૧ | ૧૪૮૦ |
| ૪ | બાજરો | ૫૬૫ | ૫૮૦ |
| ૫ | ઘઉં ટુકડા | ૫૬૧ | ૬૦૨ |

# લીલીયામોટા ખાતે રવિ કૃષિ મહોત્સવની ઉજવણી કરાઈ



લીલીયા મોટાના ભાભા માર્કેટિંગયાર્ડખાતેરવિકૃષિમહોત્સવની ઉજવણી તાલુકા પંચાયત પ્રમુખ ગીતાબેન નાકરાણીના અધ્યક્ષ સ્થાને યોજવામાંઆવેલ. ગતરોજમુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલે બનાસકાંઠાથી દ્વિદિવસીયરવીકૃષિમહોત્સવ–૨૦૨૪નો રાજયવ્યાપી પ્રારંભ કરાવ્યો હતો. જેમાં લીલીયામોટાખાતેતા. ૬ડિસેમ્બર,૨૦૨૪ (શુક્રવાર) રાજય સરકાર દ્વારા સમગ્ર રાજયમાં રવી કૃષિ મહોત્સવ–૨૦૨૪નું આયોજનકરવામાંઆવ્યુછે. આઅંતર્ગત લીલીયા તાલુકામાં દ્વિદિવસીય રવી કૃષિ મહોત્સવ– ૨૦૨૪નો પ્રારંભ થયો હતો. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે બનાસકાંઠાથી રાજયકક્ષાના રવી કૃષિ મહોત્સવનોપ્રારંભકરાવ્યોહતો. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલના હસ્તે પુસ્તક વિમોચનકરવામાંઆવ્યુંહતું. આકાર્યક્રમનું જીવંત પ્રસારણ પણ એલઈડી સ્ક્રીન પર લીલીયા ના ભાભા માર્કેટિંગ યાર્ડ ખાતે આયોજિતરવિકૃષિમહોત્સવમાંખેડૂતોએ નિહાળ્યુંહતુ. મુખ્યમંત્રીભૂપેન્દ્રભાઈ પટેલ અને કૃષિ મંત્રી દ્વારા રાજય સરકારના ખેડુતલક્ષીઅભિગમઅનેરાજય સરકાર દ્વારાખેડુતોનેઆપવામાંઆવતીસહાયવિશે જણાવ્યુ હતુ. લીલીયા તાલુકાના ગામોના ખેડૂત લાભાર્થીઓને સહાય મંજૂરી પત્રો, વર્કઓર્ડરનુંવિતરણધારાસભ્યમહેશભાઈ કસવાલા તેમજ સાંસદ ભરતભાઈ સુતરીયા દ્વારા કરવામાં આવ્યું હતું તેમજ આ કાર્યક્રમમાં નાગરિકો માટે ફાર્મર રજિસ્ટ્રી અને ઈ–કેવાયસી સુવિધા પણ ઉપલબ્ધ કરવામાંઆવી હતી. પશુપાલન પ્રદર્શન અને કૃષિ પ્રદર્શની યોજાઈ હતી. મિલેટસનું મહત્વ સમજાવવામાં આવેલ હતુ. આ તકે તાલુકા ભાજપ પ્રમુખ ભનુભાઈ ડાભી, ભીખાભાઈ ધોરાજીયા, લીલીયા મામલતદાર સાંગાણી, તાલુકા વિકાસ અધિકારી કિશોરભાઈ આચાર્ય, સરપંચ જીવનભાઈ વોરા, કાનજીભાઈ નાકરાણી, જીગ્નેશ સાવજ સહિતના ખેડૂતો, કાર્યકરો, લાભાર્થી ઓ ઉપસ્થિત રહેલ તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

# બાબરા : હોમગાર્ડ યુનિટ દ્વારા ૭૮માં હોમગાર્ડ સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી




બાબરા હોમગાર્ડ યુનિટમાં જિલ્લા કમાન્ડર મહેતાના માર્ગદર્શન દ્વારા બાબરા હોમગાર્ડ યુનિટ દ્વારા છઠ્ઠી ડિસેમ્બરના રોજ હોમગાર્ડના ૭૮માં સ્થાપના દિનની ઉજવણી કરવામાં આવી. આ તકે યુનીટ દ્વારા પ્રભાતફેરી, સફાઈ, વૃક્ષારોપણ તેમજ યુનિટ કચેરી બાબરામાં સત્યનારાયણ ભગવાનની કથા કરવામાં આવી. આ તકે જિલ્લા કમાન્ડર મહેતા તેમજ યુનિટ અધિકારી એચ.પી. ખાચર તેમજ બાબરા હોમગાર્ડ યુનિટના તમામ હોમગાર્ડ સભ્યો હાજર રહ્યા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે હોમગાર્ડ સભ્ય દેવાયતભાઈ, જયવંતસિંહ, મૌલિકભાઈ, જહાંગીરભાઈ, રાજુભાઈ, અનિલભાઈ તેમજ તમામ હોમગાર્ડ સભ્યોએ મહેનત કરેલ.

### ખારાની ખોડીયાર તરીકે સુપ્રસિધ્ધ જગ્યામાં

## અમરેલીનાં વરસડા–કેરીયા ગામ નજીક આવતીકાલે આઈશ્રી રાજબાઈમાની પુણ્યતિથિની ઉજવણી

### મંદિર નવનિર્માણ અર્થે લોક ડાયરો પણ યોજાશે

અમરેલી, તા. ૭

લોકસાહિત્ય સેતુ ના તમામ કલાકારો અને ભાવિકો ઉપર સદા જેના આશીર્વાદ વરસતા રહ્યા છે એવા દેવી સ્વરૂપ પરમ પૂજ્ય રાજબાઈ માં એ વરસડા અને કેરીયા ગામની વચ્ચે આવેલ ઘટાટોપ જંગલમામા ખોડલના મંદિરના મહંત પ.પૂ. રાજબાઈમાએ સમાધી લીધી અને ગાદી પતી તરીકે સાપ્રવી મા સોનલમાને નિમણૂક આપેલ માની પ્રથમ પૂણ્યતિથિએ તા. ૦૯/૧૨/૨૦૨૪ ને સોમવાર રાત્રીના ૯ વાગ્યે પ્રસિદ્ધ કલાકારોના લોક ડાયરાનુ આયોજન કરેલ છે.



જીવનભર અનેક ભક્તોના દર્દ દુઃખ દૂર કરી દૈવિ પરચાઓ આપી પૂજ્ય થયેલા પૂ.માએ જંગલમા મંગલ બનાવેલ છે. માના ભાવપૂર્વક દર્શન પૂજન કરવા પધારવા અનુરોધ થયો.

### ખેડુતોની આવક વધારવા માટે કૃષિતજજ્ઞો દ્વારા દિશાદર્શન

## લાઠી ખાતે યોજાયેલ રવિકૃષિ મહોત્સવમાં જિલ્લા કલેક્ટર અજય દહિયા સહભાગી બન્યા

### ખેડુતોને પ્રાકૃતિક ખેતી અપનાવવા અનુરોધ કર્યો



અમરેલી, તા. ૭

અમરેલી તા.૭ ડિસેમ્બર,૨૦૨૪ (શનિવાર) અમરેલી જિલ્લામાં તાલુકાવાર આયોજિત રવી કૃષિ મહોત્સવના બીજા અને અંતિમ દિવસે કૃષિ તજજ્ઞો દ્વારા કૃષિકારોને ખેતી ક્ષેત્રના વિવિધ આયામોને આવરી લઈ ઉપયોગી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

લાઠી એપીએમસી ખાતે યોજાયેલા રવી કૃષિ મહોત્સવમાં અમરેલી જિલ્લા કલેકટર અજય દહિયા સહભાગી બન્યા હતા. જિલ્લા કલેકટરએ વિવિધ કૃષિલક્ષી સ્ટોલનું નિરીક્ષણ કરીને ખેડૂતોને માર્ગદર્શન આપતા કહ્યુ કે, રાસાયણિક ખેતી છોડી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરવી જઢરી છે. નાગરિકોના આરોગ્ય અને જમીનની ફળદ્રુપતા માટે પ્રાકૃતિક ખેતી આવશ્યક છે. ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવવા અને કૃષિ તજજ્ઞો દ્વારા આપવામાં આવેલા માર્ગદર્શનને ખેતીકાર્યમાં ઉપયોગમાં લેવા અનુરોધ કર્યો હતો.

જિલ્લામાં તાલુકા વાર આયોજિત રવી કૃષિ મહોત્સવમાં પ્રાકૃતિક ખેતી ઉપરાંત મિલેટ્સ ( અન્ન – જાડા ધાન) અને બાગાયતી પાકોમાં મૂલ્યવર્ધન, કૃષિ અને બાગાયતી પાકોમાં તાંત્રિકતા, બાગાયતી પાકો સાથે મિશ્ર ફાર્મિંગ સહિતના કૃષિ લક્ષી વિષયોને આવરી લઈ ખેડૂતોની આવકમાં વધારો કરવા માટે કૃષિ તજજ્ઞોએ વિસ્તૃત વિગતો આપી હતી. અમરેલી જિલ્લામાં લાઠી ઉપરાંત અમરેલીના ચાડીયા, બાબરા, બગસરા, ધારી, જાફરાબાદ, ખાંભા, લીલીયા મોટા, રાજુલા, સાવરકુંડલા અને મોટી કુંકાવાવ ખાતે રવી કૃષિ મહોત્સવના અંતિમ દિવસે ખેડૂતોએ કૃષિલક્ષી પરિસંવાદ અને પ્રદર્શનનો લાભ મેળવ્યો હતો.

### કેન્દ્રીય મંત્રી શિવરાજસિંહ ચૌહાણની જાહેરાત

## અરે વાહ : તમામ ખેત જણસીઓને ટેકાના ભાવથી ખરીદવામાં આવશે

### ભાજપ કિસાન મોરચા દ્વારા આવકાર

અમરેલી, તા. ૭

કેન્દ્રીય કૃષિમંત્રી શિવરાજસિંહ ચૌહાણે શુક્રવારે સંસદમાં જણાવાયું હતુ કે દેશના ખેડૂતોની દરેક નાનામાં નાની જણસીઓ કેન્દ્ર સરકાર ટેકાના ભાવથી ખરીદશે. અત્રે ઉલ્લેનખનીય છે કે વર્ષ ૨૦૦૪માં બનેલ સ્વામીનાથન કમિશને પોતાનો છેલ્લો રિપોર્ટ ઓકટોબર ૨૦૦૬માં કેન્દ્રની તાત્કાલીન UPA સરકારને સુપરત કર્યો હતો અને એમાં ખેડૂતો માટે ભાગીદાયી અનેક ભલામણો હતી. કમનસીબે ૨૦૧૪ સુધી કેન્દ્રમાં શાસન કરી રહેલી UPA સરકારે સ્વામીનાથન કમિશન રિપોર્ટની ભલામણો સ્વીકારવી તો દૂર, વાંચવાની પણ તસ્દી લીધી નહોતી લીધી.

૨૦૧૪માં નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી ભારતીય જનતા પક્ષની સરકાર બનતા જ સ્વામીનાથન કમિશન રિપોર્ટની ભલામણો પર ગંભીરતાપૂર્વક કામ ચાલુ કર્યુ અને MSP ગણવાની ફોર્મ્યુલા બદલીને ખર્ચના ૧.૫ ગણી MSP આપવાની શરૂઆત કરી હતી. માત્ર એટલું જ નહિ, પણ ટેકાના ભાવોની જાહેરાત ખેડૂત વાવણી કરે એ પહેલા થઈ જાય એ માટેની વ્યવસ્થાઓ પણ લાગુ કરી. પરિણામે ખેડૂતોને કયા પાકની વાવણી કરવી અને એનો ભાવ કેટલો મળશે એ અગાઉથી જ જાણકારી મળવા લાગી. સરકારે વધુ એકવાર ખેડૂતો માટે ખૂબ જ મહત્વની જાહેરાત કરી છે. માત્ર ૨૨ મોટી જણસીઓ જ નહિ પણ ખેડૂતો પાસેથી તમામ જણસીઓ કેન્દ્ર સરકાર ટેકાના ભાવે ખરીદે એ માટેની જાહેરાત કૃષિમંત્રીએ કરી છે જે ખુબ આવકારદાયક છે. આ નિર્ણયને ભાજપ કિસાન મોરચાના પ્રમુખ હિતેશભાઈ પટેલ, મહામંત્રી હિરેન હિરપરા તેમજ સરદારભાઈ ચૌધરીએ હર્ષભેર વધાવ્યો હતો અને જણાવ્યું હતું કે મોદીજીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે પાણી અને વીજળીના યક્ષ પ્રશ્નોના સમાધાન કર્યા બાદ કેન્દ્રમાં પ્રધાનમંત્રી તરીકે સમગ્ર દેશના ખેડૂતોના ભલા માટે અનેકાનેક નિર્ણયો લીધા છે જેને કારણે ખેતી, ખેડૂત અને ગામડાં સમૃદ્ધ થયા છે.

## ૯ ડિસેમ્બર, ''ભ્રષ્ટાચાર વિરોધી દિવસ'' ભ્રષ્ટાચાર નાબુદી થકી જ વિશ્વની આબાદી

અમરેલી, તા. ૭

સંયુકત રાષ્ટ્ર મહાસભાએ ૨૦૦૫માં આયોજિત કરેલી એક કોન્ફરન્સમાં ૯ ડિસેમ્બરનાં દિવસને ''ભ્રષ્ટાચાર વિરોધ દિવસ'' તરીકે પસંદ કરવામાં આવ્યો હતો. ભ્રષ્ટ્રાચાર એ એક એવો મુદો છે કે જે વિના દરેક દેશોને અસર કરે છે. તે નૈતિકતા, અંખડિતતા અને પ્રમાણિકતાનો અભાવ દર્શાવે છે. ભ્રષ્ટ્રાચાર લોકશાહીને નબળી કરે છે, સરકારને અસ્થિર બનાવે છે અને દેશોને આર્થિક ધોરણે પાછળ ધકેલે છે. ''ભ્રષ્ટાચાર વિરોધી દિવસ''નું મહત્વ વિશ્વ સ્તરે ભ્રષ્ટાચાર નાબુદી અંગે જાગરૂકતા ફેલાવવાનો છે. લોકશાહી સંસ્થાઓનો પાયો બચાવવા માટે ભ્રષ્ટાચારને ફેલાતો અટકાવવો ખૂબ જ જરૂરી છે કારણ કે ભ્રષ્ટાચાર કાયદાના શાસનની પ્રક્રિયાઓને વિકૃત કરે છે. ભ્રષ્ટાચાર કેટલીય રીતે દેશના આર્થિક વિકાસને પણ અસર કરે છે.

ભ્રષ્ટાચાર એટલે સામાન્યરીતે કોઈ વ્યકિત દ્વારા થતું ભ્રષ્ટ આચરણ. આ પાછળ કોઈને નુકસાન પહોચાડવા કરતા પોતાનો સ્વાર્થ સાધવાનો હેતુ રહેલો છે. કદાચ એટલે જ આ પ્રવૃત્તિ વિ વિખ્યાત બની ગઈ છે. આ પાછળ માણસની એક જ માનસિકતા જવાબદાર બની છે કે, 'હું એકલો કે હું એકલી શું કરી શકું ?', 'બધાં ઘર લઈને બેઠા છે.', 'બધા કરે છે તો હું કેમ ન કરૂ ?' આ બધી જ વિષયવસ્તુ માણસનાં માનસને અસર કરે છે અને પછીથી કોઈ કોઈની પરવાહ કર્યા વગર લાંચ લે છે અને પોતાનો સ્વાર્થ સર કરે છે, કેટલાક તો વળી માણસાઈને નેવે મુકીને વિભિન્ન પ્રકારનાં ભ્રષ્ટ આચરણ કરે છે જેથી બીજાને પણ નુકસાન પહોચે છે. ખરેખર તો માણસમાં ભ્રષ્ટાચારની નીવ તે નાનો હોય, બાળક હોય ત્યારે જ નંખાઈ જતી હોય છે. જયારે પણ બાળક માતા પિતાની કોઈ વાત ન માને તો તેને જાત જાતની લાલચ આપીને પોતાનું ધાર્યુ કામ તેની પાસેથી કઢાવવામાં આવે છે.



બાળક બરાબર જમશે નહીં તો મોબાઈલમાં વિડીયો જોવાની લાલચ, બરાબર ભણશે નહીં તો નવી બોલપેન કે પેન્સિલની લાલચ, પોતાનું કોઈ કામ બરાબર નહીં કરે તો તેને બહાર ફરવા લઈ જવાની લાલચ. ઘરથી શરૂ થયેલી આ પ્રવૃત્તિ પછી સ્કુલમાં, કોલેજમાં અને પછી માણસ કામ ધંધામાં પણ ભ્રષ્ટાચાર કરતાં શીખી જાય છે અને વળી પોતાના બાળકોને પણ આવી જ શિક્ષા આપે છે. જો ઘરમાં જ લાંચ લેવાનાં બીજ રોપાતા હોય એ પણ બાળ અવસ્થામાં જ તો સમગ્ર સમાજનો હિસ્સો એવી વ્યકિતઓ પાસેથી ભ્રષ્ટાચાર સિવાયની બીજી તો કઈ અપેક્ષા રાખી શકાય ? એવું નથી કે માતા પિતા જાણી જોઈને આવું કરે છે પરંતુ અજાણતા જ એમની કરેલી અમુક નાની નાની ભૂલો ભવિષ્યમાં ખુબ મોટી થઈને સામે આવે છે. વ્યકિત પોતે એ સમાજનો જ એક હિસ્સો છે. વ્યકિત વ્યકિતથી જ સમાજ બને છે અથવા એમ કહો કે સમગ્ર સમાજ એ વ્યકિતઓ થકી જ છે.

ફળોની ટોકરીમાં જો એક ફળ ખરાબ થાય, સડી જાય તો તે સીધી કે આડકતરી રીતે બીજા બધા ફળોને નુકસાન કરે જ છે એવી જ રીતે સમાજમાં કોઈ એક વ્યકિત ખોટી દિશામાં જશે તો તે સમગ્ર સમાજને નુકસાનકર્તા બનશે. તેથી સૌ એ પોતાની અંગત જવાબદારી સમજીને પોતાના આચરણમાં કોઈ ખોટ આવવા દેવી ન જોઈએ તેમજ ભ્રષ્ટાચાર નાબુદીની શરૂઆત પોતાનાથી જ કરવી જોઈએ. ભ્રષ્ટાચાર નાબુદી થકી જ વિશ્વની આબાદી

–મિત્તલ ખેતાણી (મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

## સાવરકુંડલા : જિલ્લા કક્ષાની સ્પર્ધામાં ગર્લ્સ હાઈસ્કૂલની ઝળહળતી સિધ્ધિ



સાવરકુંડલા, તા. ૬

નૂતન કેળવણી મંડળ સંચાલિત એસ.વી.દોશી ગર્લ્સ હાઈસ્કૂલની વિદ્યાર્થીની તારીખ ૧/૧૨/૨૪ના રોજ ''જિલ્લા કક્ષાની ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા'' ચલાલા, મુકામે ભાગ લીધો હતો. જેમાં શાળાની વિદ્યાર્થીની બહેન આંબલીયા જયોત્સના શૈલેષભાઈ અને તારીખ ૨/૧૨/૨૪ ના રોજ ''ગરવી ગુજરાત'' થીમ આધારિત જિલ્લા કક્ષા કલા ઉત્સવ હેઠળ વિવિધ સ્પર્ધાઓનું આયોજન થયું હતું. જેમાં પંડયા શ્રેયા ધર્મેશભાઈ આ બન્ને બહેનોએ સમગ્ર જિલ્લામાં પ્રથમ નંબર પ્રાપ્ત કરી પોતાના પરિવાર અને શાળાનું ગૌરવ વધારેલ છે. આંબલીયા જયોત્સના શૈલેષભાઈ હવે પછી રાજય કક્ષાની શિબિરમાં ભાગ લેવા જશે. વિદ્યાર્થીની બહેનને માર્ગદર્શન આપનાર શાળાના પ્રિન્સિપાલ ઉષાબેન તેરૈયા, સુપરવાઈઝર નીતાબેન ત્રિવેદી, તેમજ શિક્ષક લાલજીભાઈ રાઠોડે ભારે જહેમત ઉઠાવી હતી. આ બંને બહેનોને કિરીટભાઈ હિંગુ દ્વારા ઈનામ આપવામાં આવ્યા હતા.

નૂતન કેળવણી મંડળના ટ્રસ્ટીઓ અને શાળા પરિવારે બંને બહેનોને ખૂબ ખૂબ અભિનંદન અને શુભકામનાઓ પાઠવી હતી.






### CMAT જેવી સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે

## અમરેલીની સાયન્સ એન્ડ આર્ટસ કોલેજમાં બીસીએ વિભાગમાં નિઃશુલ્ક કલાસની વ્યવસ્થા

### જિલ્લાનાં વિદ્યાર્થીઓને અન્ય શહેરોમાં જવુ નહિ પડે

અમરેલી, તા. ૭

અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત કમાણી સાયન્સ કોલેજ અને પ્રતાપરાય આર્ટસ કોલેજ, અમરેલી ખાતે BCA વિભાગ દ્વારા છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી ભાઈ બહેનોનને CMAT જેવી સ્પર્ધાત્મક પરીક્ષા ની તૈયારી માટે નિઃશુલ્ક ક્લાસ પહેલ કરી. આ ક્લાસ માટે કરણભાઈ વેગડ જેઓ websankul ના સ્ટાફ છે.

આ પહેલથી અમરેલી જિલ્લા ના વિદ્યાર્થીઓને બીજા સિટીમા જઈને તૈયારી કરવી ના પડે તે માટેની સંપૂર્ણ વ્યવસ્થા BCA વિભાગના HOD વિપુલભાઈ બાલધા તથા જોષી અભિષેકભાઈ એ જહેમત ઉઠાવી હતી આ તકે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખુંટ, મનસુખભાઈ ધાનાણી તથા કેમ્પસ ડાયરેકર વસંતભાઈ પેથાણીએ સ્ટુડન્ટ દરેક સ્પર્ધાત્મક પરીક્ષામાં ખુબ સાઢં પરિણામ લાવી સંસ્થાનું નામ રોશન કરે તેવી શુભકામના પાઠવી.



### રાજય સરકારની યોજના તળે

## લિલિયા : શ્રીમતી શાંતાબેન કન્યા વિદ્યાલય ખાતે ૧૩૨ વિદ્યાર્થીનીઓને સાયકલ વિતરણ કરાઇ

### સાંસદ સુતરીયા ધારાસભ્ય કસવાળા, તળાવીયા, સંસ્થાના પ્રમુખ અરૂણભાઈ પટેલ પણ ઉપસ્થિત રહયા

લિલિયા, તા. ૭

લિલિયા ખાતે મહલ કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી શાંતાબેન કન્યા વિદ્યાલય ખાતે રાજય સરકારની સરસ્વતી સાયકલ યોજના તળે સાંસદ ભરતભાઈ સુતરીયા , ધારાસભ્ય મહેશભાઈ કસવાળા , જનકભાઈ તળાવીયાની ઉપસ્થિતિમાં શાળામાં ધોરણ –૯ માં અભ્યાસ કરતી ૧૩૨ વિધાર્થીનીઓને સાયકલ વિતરણ કરવામાં આવેલ હતી.



આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ અરૂણભાઈ પટેલે સે પ્રથમ આમંત્રિત મહેમાનોને શાબ્દિક રીતે આવકાર્યા હતા ત્યારબાદ સન્માનિત કર્યા હતા ત્યારબાદ સંસ્થાનો પ્રગતિ અહેવાલ સંસ્થાના માનદ મંત્રીશ્રી મગનભાઈ વિરાણી એ રજૂ કર્યો હતો.

આ તકે સાંસદ ભરતભાઈ સુતરીયા ધારાસભ્ય મહેશભાઈ કસવાળા, જનકભાઈ તળાવીયા વિધાર્થીનીઓ સાથે ઉપસ્થિત વાલીઓને રાજય સરકારની કન્યા કેળવણી યોજનાથી માહિતગાર કરી વિધાર્થીનીઓને સાયકલનું વિતરણ કરેલ હતું.આ તકે સંસ્થાના નિયામક બાબુભાઈ ધામત ટ્રસ્ટી મનસુખભાઈ ચોપડા, ધીરૂભાઈ ઉમરેઠીયા તાલુકા ભાજપ પ્રમુખ ભનુભાઈ ડાભી ભાજપ અગ્રણી કાનજીભાઈ નાકરાણી સહિતના મહાનુભાવો સહિત ગ્રામજનો ઉપસ્થિત રહયા હતા.

સમગ્ર આયોજન સફળ બનાવવા શાળાના આચાર્યા રંજનબેન રાદડિયાના માર્ગદર્શન તળે સ્ટાફ કર્મચારીઓએ ભારે જહેમત ઉઠાવી હતી. તેમ મનોજ જોશીની અખબારી યાદીમાં જણાવેલ છે.

### ''વિચારોનું વાવેતર'' અંતર્ગત કાર્યક્રમમાં

## સુરત ખાતે ટીંબી હોસ્પિટલનાં ટ્રસ્ટી બી.એલ. રાજપરાનું સન્માન કરવામાં આવ્યું

### એવરેસ્ટ સર કરનાર ૨ યુવતીઓનું પણ થયું સન્માન



અમરેલી, તા. ૭

સુરત લોકોને આત્મવિશ્વાસ અને સુખાકારી દિશા આપવાના શુભઆશયથી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ – સુરત તરફથી દર ગુરૂવારે વિચારોનું વાવેતર અંતર્ગત તા. ૫/૧૨/૨૪ના રોજ વરાછા બેંક ઓડીટેરીયમ હોલ, સુરત મુકામે ૮૮માં થર્સ–ડે થોર્ટ કાર્યક્રમમાં 'ખુદ પર વિશ્વાસ' વિષય ઉપર ડો. પંકજ ગાંધી (વૈજ્ઞાનિક અને સામાજિક કાર્યકર્તા)નું વકતવ્ય સંસ્થાના પ્રમુખ કાનજીભાઈ ભાલાળા અને ઉપપ્રમુખ સવજીભાઈ વેકરીયાના નેતૃત્વમાં સંપન્ન થયેલ અને કાર્યક્રમમાં એવરેસ્ટ શિખર સર કરનાર ગુજરાતની સર્વપ્રથમ બે બહેનો કુ.અદિતી વૈદ અને કુ. અનુજા વૈદનું સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્યઅતિથી તરીકે નિર્દોષાનંદજી હોસ્પિટલ–ટીબીના વહીવટકર્તા ટ્રસ્ટી બી.એલ.રાજપરાને સરદાર પટેલની પ્રતિમા, પુસ્તક અને શાલ દ્વારા સન્માનીત કરવામાં આવ્યા હતાં.

અમરેલીની પ્રખ્યાત
ગોળ હોસ્પિટલ
માં ફુલ ટાઈમ
જનરલ સર્જન મળશે
ઓપીડી સમય : સવારે ૧૦:૦૦ થી ૨:૦૦
અને સાંજે ૫:૦૦ થી ૮:૦૦

નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિ સ્પેશિયાલીટી હોસ્પિટલ
પેટના રોગો અને તેમના ઓપરેશન
એપેન્ડીક્ષ, સારણગાંઠ, વધરાવળ
મસા તથા ભખંદરના ઓપરેશન
પિતાશયની પથરીના ઓપરેશન.
સ્તનની ગાંઠ, રસોળી, ચરબીની ગાંઠના
ઓપરેશનના નિષ્ણાંત.

ડો.અક્ષય પારખીયા
M.S.(જનરલ સર્જન)
અનુભવ:
૩ વર્ષ સિવિલ હોસ્પિટલ
અમદાવાદ
૧ વર્ષ લલ્લુભાઈ શેઠ
આરોગ્ય મંદિર
સાવરકુંડલા

NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧ ગુજરાત.ફોન : (૦૨૭૯૨) ૨૩૩૯૯૯
વધુ માહિતી માટે સંપર્ક કરો 99789 66629
આયુષ્માન કાર્ડ અંતર્ગત ઓપરેશન તદ્દન મફત ઓપરેશન સુવિધા ઉપલબ્ધ

## પાલિકાનાં અધિકારીઓ અને પદાધિકારીઓને કોઈ નિયમો લાગુ પડતા નથી

# લૂંટો ભાઈ લૂંટો : અમરેલીમાં વરસાદી પાણી નિકાલની કામગીરીમાં દે ધનાધન

**જનતા જનાર્દનનાં પરસેવાનાં પૈસાથી થતી કામગીરીમાં મોટાભાગે દે ધનાધન થતી જોવા મળે છે**

**ચકકરગઢ માર્ગ ઉપર થતી કામગીરીથી શહેરીજનોમાં નારાજગીનો માહોલ**

**શહેરમાં થયેલ અને થતાં લગભગ બધા જ વિકાસ કાર્યોમાં વ્યાપક પ્રમાણમાં ભ્રષ્ટાચાર થઈ રહ્યાની ફરિયાદ**

**પાલિકાનાં વિપક્ષી નગરસેવિકા સેજલબેન સોલંકીએ પાલિકાનાં કમિશનરને પત્ર પાઠવ્યો**



અમરેલી, તા. ૭

અમરેલી પાલિકાનાં કોંગી નગરસેવિકા સેજલબેન સોલંકીએ પાલિકાનાં પ્રાદેશિક કમિશનરને પત્ર પાઠવીને શહેરમાં વરસાદી પાણીનાં નિકાલ માટે થતી પાઈપલાઈનની કામગીરીમાં નિયમોનું ઉલ્લંઘન થતું હોવાનું જણાવીને તટસ્થ તપાસ કરવાની માંગ કરવામાં આવી છે.

પત્રમાં જણાવેલ છે કે, અમરેલી શહેરનાં ચકકરગઢ રોડ ઉપર ચાલતા વરસાદી પાણીના નિકાલ માટે નાખવામાં આવતી પાઈપલાઈન જે જુની બોક્ષ ગટરમાં નાખવામાં આવે છે અને જુની ગટરમાં ત્યાંનાં સ્થાનિક રહીશો પાસેથી ઘર દીઠ બેથી ત્રણ હજાર રૂપિયા ઉઘરાવવામાં આવે છે અને પાઈપલાઈનના કામમાં કોઈપણ જાતના લેવલ તેમજ ફીનીશીંગ લેવામાં આવતા નથી તેમજ બોક્ષ ગટરમાંથી નીકળેલ કાદવ–કિચડ પાછું ત્યાંને ત્યાંજ ઉપર નાખવામાં આવે છે. જો આ કામમાં ચોકસાઈપૂર્વક સુધારા કરવામાં નહી આવે તો આગળની કાર્યવાહી કરવામાં આવશે.

વધુમાં જણાવેલ છે કે, ચકકરગઢ રોડ ઉપર ચાલતા વરસાદી પાણીના નિકાલ માટેના કામમાં ત્યાંના રહીશો ધ્વારા અમોને જાણ કરતા અમો ત્યાં રૂબરૂ સાઈડ વિઝીટ કરતા જાણવા મળેલ કે એજન્સી ધ્વારા લોકોની સુખાકારીમાં વધારો કરવાનાં બદલે લોકોમાં રોષ વ્યાપી રહ્યો છે. કારણ કે એજન્સી તેમજ સુપરવાઈઝર ધ્વારા લોકોને આર્થિક નુકસાન પહોંચાડવામાં આવી રહ્યું છે.

એજન્સી ધ્વારા કરવામાં આવતા પાઈપ ફીટીંગમાં પણ ગેરરીતિ જણાય છે. સ્થળની મુલાકાત દરમ્યાન ચાલુ કામ જોતા પાઈપ ફીટીંગ દરમ્યાન બે પાઈપ વચ્ચે જોઈન્ટ કરવામાં આવવો જોઈએ એ થતો નથી. તે બે પાઈપ વચ્ચે સીમેન્ટનાં વાટા અથવા કોંક્રીટ માલથી જોઈન્ટ કરવામાં આવેલ નથી. જો એ જોઈન્ટનું બીલ ચુકવવામાં આવશે તો આ રકમની જવાબદારી આપની રહેશે. તે અન્વયે અમોએ અગાઉ એક લેખિતમાં અરજ પણ આપેલી. પરંતુ આજે તેને બે માસ ઉપરાંતનો સમય થવા છતાં કોઈપણ પ્રકારની કાર્યવાહી કરવામાં આવેલ નથી અને કચેરીના અધિકારીઓ ધ્વારા પણ સ્થળ તપાસ કરવામાં આવેલ નથી. તો આ બાબતે તાત્કાલીક ધોરણે યોગ્ય કરવા જો આ બાબતે યોગ્ય કરવામાં નહી આવે તો આગામી દિવસોમાં આગળની કાર્યવાહી કરવામાં આવશે તેમ અંતમાં જણાવેલ છે.

અમરેલી એક્સપ્રેસ
એજન્સી આપવાની છે...
અમરેલી જિલ્લાનાં લાઠી, દામનગર, ચિતલ, સા.કુંડલા રાજુલા, વીજપડી, ધારી, ચલાલા, વડિયા, માં 'અમરેલી એક્સપ્રેસ' દૈનિકની એજન્સી આપવાની છે, એજન્સી માટે ઈચ્છુક ઉમેદવારોએ રૂબરૂ સંપર્ક કરવો.
સંપર્ક
મનોજ રૂપારેલ – તંત્રી
મો.૯૮૨૫૦ ૦૭૪૪૩
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ – અમરેલી

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
68,300/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૦૭/૧૨/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ
જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

અઢી દાયકાથી લોકોમાં
વિશ્વાસ જીતી સ્વાદનાં શોખીનો
માટે વિશ્વસનીય તેલ....
૧૦૦% શુધ્ધ સીંગતેલ
બારે માસ ભરવાલાયક
સ્વાદ અને તંદુરસ્તી માટે...
11
ડબલ વન
સીંગતેલ
DOUBLE ONE
શ્રી વિવેક ઓઈલ ઈન્ડસ્ટ્રીઝ
લીલીયા રોડ, ત્રિમંદિર સામે, અમરેલી - ૩૬૫ ૬૦૧.
ફોન : (૦૨૭૯૨) ૨૨૦૬૩૯, ૨૨૦૨૬૦
હરેશભાઈ : ૯૮૭૯૫ ૯૮૨૯૩

Sheetal
₹440/-
₹350/-



Pizza Combo
1 Italian Pizza + 1 Veg. Cheese Grill Sandwich + 2 Cold Drinks
Offer Valid : 23-11-2024 to 15-12-2024
શીતલ આઈસ્ક્રીમ પાર્લર - રેસ્ટોરેન્ટ
S.T. બસ સ્ટેન્ડ સામે, અમરેલી. સમય : સવારે 10:00 થી રાત્રે 11:00

જમીન વેચવાની છે..
જેસર-સાવરકુંડલા નજીકના લોકેશનમાં અતિ મોકાની ૧૫૦ વિઘા ઉપરાંત જમીન અરજન્ટ વેચવાની છે.
સોલાર - વિન્ડ - એથીકલચર - રીસોટ - ફાર્મ હાઉસ સહિતનાં પ્રોજેકટ લાયક જમીન કસના ભાવે વેચવાની છે.
સંપર્ક નંબર : ૯૬૨૪૬ ૮૨૮૨૬
સંપર્ક સમય બપોરનાં ૨:૦૦ થી સાંજનાં ૬:૦૦ કલાક

જુના માર્કેટયાર્ડમાં
દુકાન વેચવાની છે...
અમરેલીનાં જુના માર્કેટયાર્ડમાં 'કળશ મોલ' ની બાજુમાં આવેલ ગ્રાઉન્ડ ફલોરની દુકાન નં.૧૩૭ વેચવાની છે.
:: સંપર્ક કરો ::
શ્રી જેરામભાઈ સોહેલીયા
મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪

LG Life's Good.
Auto Tub Clean
Keep Dust, Bacteria & Lint away with LG's Auto Tub Clean
Better Hygiene
More Lint removal
Enhanced Durability



LG BEST SHOP
MUKUNDRAI AND BROTHERS
OPP. CAR CARE CENTER, CHAKAR GADH ROAD
AMRELI . 365601
Ph: 9408159606 / 9974772377

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)